
માનવતા વ્રત +++

# આધ્યાત્મિક કેડી

તંત્રી-સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

મા ગાયત્રી

ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદ્દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ૐ ॥

વર્ષ ૧૪ ] ઑક્ટોબર ૧૯૯૫ [ અંક ૨

Scanned by CamScanner

ૐ મા ૐ



ૐ મા ૐ

# નૂતન વર્ષે શુભાશિષ

દીવાળીના દીપ પ્રગટે
માનવોના અંતર અજવાળે,
નૂતન વર્ષ ડગ ભરતું,
સંસાર-સાગરમાં વિહરતા રહો,
પરમ તત્ત્વનું ધ્યાન ધરતા રહો,
નૂતન વર્ષે મુજ શુભાશિષ.

— રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

॥ ॐ મા ॐ॥



*

**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

*

: પ્રકાશક :

શ્રી કૈલાસબહેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોપા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ–૩૮૦ ૦૧૫

*

: મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# આધ્યાત્મિક કેડી

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ ૩૮૦ ૦૧૫

વર્ષ ૧૪ ] * ઓકટોબર-૧૯૯૫ * [ અંક ૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| તમારી દુનિયાદારી | રાજયોગી નરેન્દ્રજી | ૧ |
| માનવતા વ્રત | ” ” | ૩ |
| બહુજન હિતાય, બહુજન સુખાય | સતીશ ભટ્ટ | ૭ |
| મારી કસોટીઓ | રાજયોગી નરેન્દ્રજી | ૧૨ |
| તું જ છે. | સતીશ ભટ્ટ | ૧૫ |
| હિસાબોનો રોજમેળ | રાજયોગી નરેન્દ્રજી | ૧૬ |
| પરમ શક્તિની પધરામણી | ” ” | ૨૧ |
| 'મેરા જીવનજળ' | ” ” | ૨૨ |
| પરમ તત્ત્વ તણી અદાલતમાં | ” ” | ૨૩ |
| પવન બિન ચિનગારી | ” ” | ૨૫ |
| અમેરિકા અને ઇંગ્લેન્ડના કાર્યયજ્ઞની વિગત | ... ... | ૩૨ |
| સમાચાર | | પૂંઠું ૩ |


□

Scanned by CamScanner

# તમારી દુનિયાદારી

રાજયોગી નરેન્દ્રજી

**ગાયત્રી માતાના વહાલાં બાળકો,**

**સર્વે જનો પૂજન કાજ આવિયાં,**
**કામ છોડી ઘર છોડી દૂર દૂરથી આવિયાં,**
**ઉરમાં આશ ગુરુદેવના પ્રત્યક્ષ દર્શન તણી.**
[ આ તમારા મનની વાચાને પ્રદર્શિત કરું છું. ]
**પૂજન કરી દર્શન કરી શાતા પામતા,**
**હર્ષમાં ને હર્ષમાં ખુદ ખોવાઈ જાતા,**
**કુટુંબ ને સંસારને ભૂલી જાતા.**
[ અહીં તમે બેઠા છો ત્યાં સુધી કુટુંબ શું, સંસાર શું, એ બધું તમે ભૂલી જશો. ]
**આ હૉલ છે, હાજર છે ગુરુદેવ, નથી યાદ આવતી દુનિયાદારી,**
**હૉલમાંથી બહાર આવિયા, રાહ જુએ તમારી દુનિયાદારી,**
**હું કહું છું રટો અહર્નિશ પરમ શક્તિ મંત્ર, આનંદ પ્રાપ્ત થાશે.**

* ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ તા. ૧૧–૭–'૯૫ ના રોજ અમદાવાદ ખાતેના પી. જી. મહેતા મેમોરિયલ હૉલમાં ઉપસ્થિત ભક્તો સમક્ષ પૂ. રાજયોગી નરેન્દ્રજીએ ઉપરોક્ત વચનો ઉચ્ચાર્યાં હતાં.



Scanned by CamScanner

# માનવતા વ્રત

. રાજયોગી નરેન્દ્રજી

ગુરુપૂર્ણિમાના પર્વે તા. ૧૨-૭-'૬૫ના રોજ પૂ. રાજયોગી નરેન્દ્રજીએ પી. જી. મહેતા હોલમાં ઉપસ્થિત ભક્તોને સંબોધતાં જણાવ્યું હતું :

**આવ્યાં બધાં ભેગાં મળી મંદિર મહીં.**
[ આ હૉલને મેં મંદિર કર્યો છે. ]

**સાથમાં પ્રેમપુષ્પો લાવિયાં**
[ અહીં તો પ્રેમપુષ્પોની જ જરૂર છે. ]

**ચરણે ધરી પ્રેમપુષ્પો કૃતાર્થ થાતાં**
[ તમે જે પ્રેમપુષ્પો ચરણે ધરો છો, એ ધરીને કૃતાર્થ થઈ જાઓ છો. પછી એ પ્રેમપુષ્પોને હું શું કરું છું ? ]

**ચરણો તણાં પ્રેમપુષ્પો ધારણ કરું હૃદયમંદિરમાં**
[ તમારાં પ્રેમપુષ્પોને હું મારા હૃદયમંદિરમાં મૂકું છું. ]

**હૃદયમંદિર થકી વહાવું પ્રેમ તણું ઝરણું જીવનજળરૂપે**
[ તમે જે પ્રેમનાં પુષ્પો મૂક્યાં, મારા હૃદયમાં સંઘર્યાં ને મારા હૃદયમાંથી ઝરણાં રૂપે, જીવનજળ રૂપે હું તમને પરત આપું છું. ]

**જેના થકી એક એક માનવી એક એક રાજયોગી.**

પરમ તત્ત્વના રસ્તે કેમ જવું તે હું તમને કહું છું :

**ચીંધ્યો રાજમાર્ગ પરમ તત્ત્વ તણો**
[ મેં તમને સીધો પરમ તત્ત્વનો રાજમાર્ગ બતાવી દીધો છે. એ રાજમાર્ગ પર તમે ચાલ્યા જાવ. ]



Scanned by CamScanner

**રસ્તો બનાવી, સંહાર કરો ષડ્‌રિપુ તણો**

[ મેં રાજમાર્ગ ચીંધ્યો, પણ એના પર તમે પોતાનો રસ્તો બનાવો. જેમ સિમેન્ટ કોંક્રીટને કોશને ફીટ કરે છે એ રીતે રસ્તો બનાવી ષડ્‌રિપુનો સંહાર કરી એ સિમેન્ટ કોંક્રીટને કોશી રસ્તા પર ચાલ્યા જાવ. ]

**સિંચન કરો, મન, વચન, કર્મની પવિત્રતા તણું નીર.**

[ પરમ તત્ત્વના રસ્તે જવા માટે મન, વચન, કર્મની પવિત્રતા તણા નીરનું સિંચન કરો. ]

**આચરણ કરો રાજયોગી તણા નવ સિદ્ધાંતો.**

[ તો પછી શું થશે ? ]

**રાજમાર્ગ પર દોડયા જાશો, પરમ તત્ત્વ તણા આવાસમાં,**

[ એના ઘર સુધી પહોંચી જશો ]

**સ્થાન મળશે, માન મળશે, પરમ તત્ત્વને પામી જશો.**

[ તમે આટલું કરો. બહુ થઈ ગયું, બધું જ પામી જશો. બધું મળી જશે તમને. ]

**હવે આપણી આર્ય સંસ્કૃતિ વિશે વાત કરું :**

આપણી આર્ય સંસ્કૃતિનો વિકાસ વિજ્ઞાનના સિદ્ધાંત પર રચાયો છે અને તેનું હાર્દ આધ્યાત્મિકતા છે. જ્ઞાન, વિજ્ઞાન અને ધર્મ પર જ આપણી સંસ્કૃતિનું બંધારણ છે. ધર્મ અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ છે.

સાંપ્રત સમયમાં આપણે સુવ્યવસ્થિત અને સુસંસ્કારયુક્ત કુટુંબ અને સમાજ જોઈતો હોય તો આપણે આપણી આર્ય સંસ્કૃતિના પ્રણેતા ઋષિમુનિઓના ગૃહસ્થાશ્રમ તરફ દૃષ્ટિપાત કરવો જ પડશે.

કુટુંબના સભ્યો એક બીજા પ્રત્યે માન, આદર અને પ્રેમનું વાતાવરણ જન્માવે, આત્મીયતા કેળવે, ભૂલી જવું અને માફ કરવું ( forget and forgive )ની ભાવના કેળવે તો જ વર્તમાન અને ભાવિ પેઢીમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ જન્મી શકશે.

આપણે આપણા કુટુંબથી જ શરૂઆત કરીએ. લન્ડન-અમેરિકામાં થઈ છે. અહીં હું આજે જાહેર કરું છું.

પત્ની પોતાના પતિ પ્રત્યે માન, આદર અને પૂજ્યની ભાવના કેળવે, પતિને પરમેશ્વર સમજી તેની ચરણવંદના કરે. કુટુંબના અન્ય સભ્યો વડીલોને ચરણવંદના કરે. આ પ્રમાણેની પ્રથા ચાલુ રાખવાથી ઘરમાં સંપ અને સુલેહનું વાતાવરણ પ્રસરશે. ચરણવંદના કરનાર વ્યક્તિનો અહમ્ ઓગળશે. વડીલો પ્રત્યે માન અને આદરની લાગણી પ્રગટશે. ચરણવંદના પામનાર વડીલને માન-આદરની લાગણી પામવા માટેની પાત્રતા કેળવવાની ફરજ પડશે. તમને કોઈ પગે લાગે તો તમારે પણ તમારી પાત્રતા કેળવવી પડે કે મારે આ પાત્રતા કેળવવાની છે. માણસ જાતે જ સુધરશે. તેમ જ કુટુંબના સભ્યોને પ્રેમ, રક્ષણ અને પોષણ આપવાને લાયક બનવું પડશે. આવા સુખ, શાંતિ અને આનંદના વાતાવરણમાં જ કુટુંબ-જીવનની ઘણી સમસ્યાઓ આપમેળે જ ઉકલી જશે.



Scanned by CamScanner

લન્ડન–અમેરિકામાં એવું કર્યું છે કે પતિ–પત્ની સવારે ઊઠે ત્યારે પત્ની પહેલાં પતિને પગે લાગે, બાળકોનાં દેખતાં જ પગે લાગે, જેથી બાળકો તેના મા–બાપને પગે લાગે. પતિએ પણ તેની ફરજ નિભાવવા એને લાયક બનવા તૈયાર રહેવું પડે. બાળકોએ વડીલોને પગે લાગવાનું શરૂ કરી દેવું જોઈએ.

દરેક ઘરમાં પોતાના ઈષ્ટ દેવ – પરમ તત્ત્વનો વાસ છે તેવી શ્રદ્ધા અને ભાવના કેળવવી. કુટુંબના જ એક વડીલ સભ્ય પરોક્ષ–અગોચર હોવા છતાં પ્રત્યક્ષ–ગોચરમાં છે તેમ માની, આપણા ઘરમાં અને કુટુંબમાં આપણી શક્તિ મર્યાદા પ્રમાણે સ્થાન આપવું. દરેક ઘરમાં પૂજા સ્થાન હોવું જ જોઈએ. પરમ તત્ત્વ હાજર છે એ રીતે વર્તન કરવું. કુટુંબના દરેક સભ્યોએ દરરોજ દિવસમાં એક વખત રાતે સૂતાં પહેલાં સાથે બેસી ૧૦–૧૫ મિનિટ સત્સંગ કરવો જોઈએ. મંત્રજપ, ધૂન, ભજન, આધ્યાત્મિક વાચન વગેરે કરવું જોઈએ. પરમ તત્ત્વની પરોક્ષ હાજરીમાં તમને પ્રત્યક્ષતાનો અનુભવ અવશ્ય થશે જ. જો દરરોજ આમ કરશો તો બાળકોનું પણ ભાવિ ઘડાશે.

દરેક સંપ્રદાયમાં વ્રતનો મહિમા હોય છે. મન અને ઈન્દ્રિયોનો વિગ્રહ અને ઈષ્ટની ભાવપૂર્વકની ઉપાસના એ કોઈ પણ વ્રતની આધારશિલા છે. આજે હું આપ સર્વને એક નવું જ વ્રત કરવાનું સૂચવું છું. એ વ્રત છે માનવતા વ્રત.

આ વ્રતનો મહિમા મનુષ્યના હૃદયમંદિરને સ્વચ્છ કરવાનો, માનસિક શાંતિ અને આત્મસંતોષ મેળવવાનો છે.

## વ્રતની પદ્ધતિ

આ વ્રત મહિનામાં બે વખત બીજા અને ચોથા રવિવારે કરવાનું, જેથી બધા જ ઘરમાં હોય.

**૧.** સ્નાન–શૌચાદિથી પરવારી અડધો કલાક પરમ શક્તિ મંત્ર "ૐ મા ૐ" ના જપ કરવા.

**૨.** શુદ્ધ સાત્ત્વિક ઘરનો જ બનાવેલો ખોરાક એક વખત જમવો.

**૩.** મનમાં દૃઢ સંકલ્પ કરવો કે આજે મારાં વાણી, વર્તન અને વ્યવહારથી કોઈને પણ દુઃખ ન પહોંચે. આ વ્રત માનવતાનું વ્રત.

**૪.** આખા દિવસ દરમ્યાન આપણાથી શક્ય હોય તે રીતે તન, મન અને ધનના ત્રિવેણીસંગમ વડે અન્યને મદદરૂપ થવાય તેવું આયોજન કરી અમલ કરવો. પોતાની પરિસ્થિતિ મુજબ કરવાનું. દા. ત. નિઃસહાયને સહાય કરવી, નિરક્ષરને અક્ષરજ્ઞાન આપીને, બિછાને પડેલ બિમાર દર્દીને દવા લાવી આપવી, શુશ્રૂષા કરવી, જમાડવી વગેરે.

**૫.** માનવતા વ્રતનું પાલન કરવા માટે નીચે દર્શાવેલ સંયમ કેળવવાની જરૂર છે :

**મનનો સંયમ :** મારાથી કોઈનો ખરાબ વિચાર ન આવી જાય–કોઈનું ખરાબ ન ઈચ્છું.

**વાણીનો સંયમ :** મારાથી કોઈનું ખોટું ન બોલાય. કોઈનો તિરસ્કાર ન થાય. કોઈ સાથે ઝઘડો ન થાય.

**નયનોનો સંયમ :** નયનો એવાં છે કે ઘણી વખત માણસ કોઈને જુએ ને એને ઉન્માદ આવી જાય છે, કોઈને જુએ તો ખુશ થાય, કોઈને જુએ તો નાખુશ થાય. એટલે સંયમ રાખવો પડે. દરેક વ્યક્તિને પ્રેમથી જોવી. ભલે ગમે તે વ્યક્તિ હોય. આપણી પાસે આવે એટલે એને પ્રેમથી રાખવી, પ્રેમથી જોવી. સ્વાગત કરવું.



Scanned by CamScanner

**કર્ણેનો સંયમ** : જે મારે સાંભળવાનું છે તે સારી વસ્તુ જ સાંભળું છું. ખોટી વસ્તુ નહિ. જે સારું છે તેટલું જ ગ્રહણ કરે ને ખોટું છે તે ગ્રહણ ન કરે.

૬. રાતે સૂતાં પહેલાં પરમ શક્તિ મંત્રના જપ ૧૦ મિનિટ કરી આખા દિવસના કાર્યનું સરવૈયું કાઢી જોજો. ખૂબ જ શાંતિ અને સંતોષનો અનુભવ થશે.

મને જે માનતા હોય, મારામાં વિશ્વાસ ધરાવતા હોય તેઓએ આ વ્રત કરવું જરૂરી છે.

આ માનવતા વ્રતનું ચુસ્તપણે નિયમિત પાલન કરશો તો કુટુંબ અને સમાજમાં તમે સહુનાં પ્રીતિપાત્ર બની શકશો. આ વ્રત કરશો તો જીવનમાં ઘણી શાંતિ મળશે.

## જીવનજળ બંધ

તા. ૧૦–૭–'૯૫ને સોમવારે રાતે સ્વપ્નમાં માતાજી પધાર્યાં અને મને જણાવ્યું કે તા. ૨૫–૯–'૯૫ થી જીવનજળ આપવાનું બંધ કરવાનું ને વધુ માહિતી રૂબરૂમાં આપીશ! આટલું કહીને માતાજી ચાલ્યાં ગયાં.

હવે તા. ૨૫–૯–'૯૫ સોમવારથી જીવનજળ બંધ કરવાનું, પણ પછી શું વિકલ્પ? વિકલ્પ તો માતાજી જ આપી શકે. વિદ્યાર્થી હોશિયાર થાય એટલે તેની વધુ ભારે કસોટી થાય એવું લેસન વર્ગના ગુરુ આપે. હવે મારા ગુરુજી રૂબરૂમાં શું કહે છે, શું આદેશ આપે છે તેની પ્રતીક્ષા કરવાની રહી.

**હતો અમૃતકુંભ જીવનજળ રૂપી, પરત ચાલ્યો અસલી સ્થાને.**
**મહોર મારી ૨૫ સપ્ટેમ્બર ૧૯૯૫ સુધીની,**
**સેઈફ ડીપોઝીટ વોલ્ટ તણી થાપણ મૂળ માલિક પરત લઈ ગયાં.**
**બે દાયકાનો મહાવરો જીવનજળ તણો, એ મહાવરો સ્વપ્નમય બની જાશે.**
**જેમ પંખી માળામાંથી ઊડી, અવકાશને આંબી જતું,**
**તેમ જીવનજળ મુજ હસ્તમાંથી ઊડી જાશે,**
**નજર સમક્ષથી હટી જાશે, જીવનજળ તણી બોટલો.**
**આ નાજુક અંગુલિઓને, વનવાસ જીવનજળ તણો.**
**જીવનજળ તણી બોટલોનું, ને હસ્તનું મિલન વિસરી જવાનું**
**હૃદય તલપતું તલપતું રહેશે.**
**આદેશ સેનાપતિનો, સૈનિક બિચારો શું કરે?**
**રૂબરૂ મુલાકાત સેનાપતિ તણી, પ્રાપ્ત થાશે સર્ટીફાઈડ ગેઝેટ.**

જેમણે નવો મંત્ર લેવાનો છે તેમને માટે મારું એવું મંતવ્ય છે કે પરમ શક્તિ મંત્રનો જપ બે વર્ષ સુધી તમે પોતે કરો ને આચરણમાં મૂકો ને પછી દીક્ષા લો. પછી ગુરુમંત્ર લેવા તમે આવજો.

મારા આપ સર્વને આશીર્વાદ છે.

□



Scanned by CamScanner

# બહુજન હિતાય, બહુજન સુખાય

સતીશ ભટ્ટ

**રા**જયોગીની ભક્તિરૂપી ઈમારત—શ્રદ્ધા ને શરણાગતિ, નવ સિદ્ધાંતોનું પાલન, ષડ્રિપુઓને નાથવાનો પુરુષાર્થ અને 'ૐ મા ૐ'નું રટણ, આ ચાર પાયાની ઈંટો ઉપર નિર્ભર છે, સ્થિર છે. ગીતાના અસંગશસ્ત્ર સમા નવ સિદ્ધાંતોના પાલન થકી ષડ્રિપુઓને નાથીને જગત્‌ને "**ૐ મા ૐ**"નો પરમ હિતાય – પરમ સુખાય મહામંત્ર તેમણે ધરી દીધો.

આ ષડ્રિપુઓની, સ્હેજ ખબરઅંતર પૂછીને, બહુજન હિતાય – બહુજન સુખાય રાજયોગીની **શ્રદ્ધા**માં આશ્રય લઈએ.

આજનો આ વિષય છે: "**બહુજન હિતાય – બહુજન સુખાય રાજયોગી**" પરંતુ તે પહેલાં વાત જરા સાફ કરી લઈએ.

કોઈપણ વ્યક્તિ માત્ર, પોતાનાં **અરમાનો**ને સ્થિર કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આ આંતરિક પ્રયત્નશીલતાને, '**મન**' એવું નામ આપીએ તો કોઈ વાંધો નથી. મન જ્યાં સતત હાજર રહેતું થાય ત્યાં આપમેળે જ '**ઇચ્છા**' જન્મી ચૂકે છે. ઇચ્છાનો ઇચ્છા–જન્મ છે, જેમ ઇચ્છા–મૃત્યુનો હવાલો ભીષ્મની પાસે હતો. ઈચ્છા સદાય સુખને હંકારી કાઢે છે અને દુઃખને નકારી કાઢે છે. આ હકીકતને '**કામ**' એવું નામ આપવું અયોગ્ય નહીં લેખાય. આમ કરતાં, ઈચ્છાનુસાર જો ના બને, પછીથી વ્યક્તિની આકૃતિને જોઈને કહેવાનું મન થાય તેને '**ક્રોધ**' આમ બોલાય. ઇચ્છા પ્રમાણે થયા કરે તો "હજુ વધારે"નો ભાવ જાગે તેને '**લોભ**' કહીએ. ઇચ્છા પ્રમાણે બન્યા કરતી બાબતમાંથી તેના ઉપભોગમાં – ભોગવવાની વૃત્તિમાં જે છુપાઈને બેઠો છે તે '**મોહ**' છે. મોહપાશ વધતો જાય, એશારામ આવતો જાય, તે દૃશ્યને '**મદ**' – કેફની ઓળખાણ આપીએ. અને જ્યાં 'મદ'માં ઓટ આવતી જાય, મદ ઓસરવા લાગે ત્યારે અન્યની ઉન્નતિ પ્રત્યે સભાન થવાય – આ સભાનતા કાંટાની માફક ખૂંચવા લાગે તેને '**મત્સર**'નો યોગ થયો એમ જાણી શકાય. રામજી હોય, કૃષ્ણ હોય કે રાજયોગી હોય, આ બધાએ શરૂઆતથી જ પોતાનાં **અરમાનો**ને સ્થિર થવા દીધાં જ નહીં, એટલું જ નહીં પણ કોઈ મહા શક્તિશાળી સાચવી, જાળવી શકે તેવા માલિકને સોંપી દીધાં.

રાવણ, કંસ, હિરણ્યકશ્યપ આવાં પાત્રોને આ વાત સાથે ઘટાવીને હવે – બહુજન હિતાય – બહુજન સુખાય રાજયોગીને તપાસીએ:

"આજનો લ્હાવો લીજીયે રે, કાલ કોણે દીઠી છે!" — ની ખુમારી વેળાએ શ્રી મનોજ ખંડેરિયાની સુંદર પંક્તિઓ પણ તૈયાર થઈને જ સામે બેસી ચૂકી હોય છે —

**"એક એક શ્વાસને ઊગી ગઈ ઝંખના કે થઈ જઈએ આજ ગલગોટો;**
**ટેરવામાં રેલાતું ગીત મને આપો તો ભીનુંછમ નભ મારું ઢાળું."**

બીડાયેલા ફૂલની એકે એક પાંદડીને જ્યારે પ્યારની ઝંખના, ખીલી ઊઠવાની ઝંખના જાગી ઊઠે ત્યારે તે, ગલગોટો બની, જગતના બાગમાં સૌન્દર્ય મૂર્તિરૂપે ઊભું રહે. અંતરને રૂંએ રૂંએ જ્યારે પ્રેમનું પ્રગટીકરણ થઈ ઊઠે ત્યારે પરમાત્મા સામે આવીને ઊભો રહી જાય. અંતરની વીણાના તારના



Scanned by CamScanner

ટેરવે જ્યારે પ્રેમ ગીત ગૂંજતું થાય ત્યારે ભીતરનું ભીનું આકાશ છલકાયા કરે — અભિષેક કરે શિવજીના શિરે, અને શિવજીની "**સમાધિ-પલાંઠી**" છૂટી જાય.

'બહુજન હિતાય – બહુજન સુખાય' — ના તીર, જેમના કામઠા પર ખેંચાઈ ચૂકયાં છે તેવા, મહદ્ અંશે, અવતારીઓના જીવનમાં ગમે તે પ્રકારે-સ્વરૂપે, કંઈ પણ, 'રામાયણ'નું સર્જન કરે છે જ. રામજી ત્રેતા યુગના હોય, કે કળિકાળના રાજયોગી નામધારી હોય, કંઈ ફરક નથી. અને છતાંય,– અયોધ્યા અને હસ્તિનાપુરમાં તફાવત છે – એ કે, ધનુષ્ય પોતાના હાથમાં લીધું છે જ્યારે એકે ધનુષ્ય બીજાના હાથમાં પકડાવી દીધું છે. અને કોઈ એક સૈનિકની અદાકારીમાં છે. શ્રદ્ધાના ગોખનો દીવો ઝળહળતો છે.

વાત નાટયાત્મક વળાંક ઉપર છે. રાજમુગુટ હાથમાં હોય, સિંહાસનની પાસે જ વ્યક્તિ ઊભી હોય; મુગુટ શિર પર ધારણ કરી સિંહાસને બેસવાની જ વાર હોય ને કોઈ કૈકેયી હાથ આડો ધરી દે – તર્ક ડઘાઈ જાય. હાસ્યની ઉછળતી છોળોને ઝીલવા ખુલ્લા હાથના સંપુટોને આંસુઓ એકઠાં કરવાં પડે તેવી વાસ્તવિકતા ઉપસ્થિત થાય તો આશ્ચર્ય નથી.

યૌવન વનના માર્ગે કૈકેયી ( **मातृदेवो भव !** )નું કોઈ પણ સ્વરૂપે, કોઈ પણ નિમિત્તે પ્રગટ થવું આવશ્યક અને અનિવાર્ય પણ છે. ધ્યેયપ્રાપ્તિ જેટલી વિશાળ, જેટલી ગહન, જેટલી ધારદાર તેટલું જ કૈકેયીનું પ્રગટીકરણનું પણ અસરકારક હોવું જરૂરી છે. કૌશલ્યાની ગોદમાં રમતા રામજીને અરીસાની હથેળીમાં ચાંદ બતાવીને રાજી કરી શકાય. પરંતુ, રાવણને મહાત કરવા તીરને ધનુષ પર ચઢાવતા રામજીને આ રીતે રોકી ના શકાય, રાજી ના કરી શકાય. રાજયોગીને અમદાવાદ આવતા કદી રોકી ના શકાય. રામજી અને રાજયોગીએ અંતરના અરીસામાં અસ્તિત્વને વારંવાર જોયા કર્યું છે. જગતની સઘળી સમજણ, શાણપણ, સલાહ એક પલ્લામાં ભેગી કરીને મૂકી દો છતાંય રાજયોગીના નિર્ણયનું પલ્લું નમી જાય છે. આવી વ્યક્તિઓના મૂડને તો — "**He came, He saw and conqured**"નો ન્યાય જ ખપે. હા, કોઈ લક્ષ્મણથી આવી ઘટનાનું હાર્દિક સ્વાગત થઈ જાય, તો તે અતિ સ્વાભાવિક છે, સ્વીકાર્ય છે.

ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય અન્ય કંઈ નહીં એવા ખૂણાના ગામડામાં જ્યાં 'શાસ્ત્રમ્ શિવા રૂતમ'નો ન્યાય છે — અજ્ઞાનનો મહિમા છે ત્યાં શ્રી નરેન્દ્રભાઈનું નોકરી અર્થે હોવું–ચોરો દ્વારા જે કંઈ પગારના પૈસા હતા તેનું ચોરાઈ જવું, ખાવાનું અને કપડાં પણ ચોરાઈ જવાં – અને ત્રણ દિન સુધી કેવળ પાણી ઉપર ગુજારો કરવો – એ જીવનના કોઈક મોડનું – વળાંકનું સૂચક છે. બની શકે છે કે, સરસ્વતીચંદ્ર અને નરેન્દ્રભાઈ હવે બન્નેએ એક સાથે જ આકાશ તરફ મીટ માંડીને કહ્યું હશે —

"અરણ્યે એકલો વાયુ જીવન એ ભાવિ છે મારું" હૈયાના વલોવાટ સમી આ પળો ધન્ય છે.

— અને સ્વપ્નમાં કોઈ અગોચરી આદેશ થવો – 'અમદાવાદ જા' એ વિશિષ્ટ રીતે સૂચક છે. ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે? આ વળાંક છે.

કૈકેયી આવી સમગ્રતાથી પ્રગટે તો વિસ્મયને કારણ નથી. કૈકેયી એટલે જીવનને મોડ આપનાર સક્રિય કાળબળ.

"લાતી હૈ ઐસી મોડ પર કિસ્મત કભી કભી"



Scanned by CamScanner

વ્યક્તિએ જિંદગીને ઢૂંઢતા ઢૂંઢતા તેની પાછળ જવું પડે છે, જ્યારે અસાધારણોની પાછળ જિંદગી ઢૂંઢતી ઢૂંઢતી જાય છે. જરા ઠંડા કલેજે વિચારીએ, આ ભેદરેખા.

આંખ મીંચીએ અને અંધકાર દેખાય તે સ્વાભાવિક છે; ખુલ્લી આંખનો અંધકાર અસ્વીકાર્ય તો છે જ, પરંતુ સભાનતાની – શક્તિની ગેરહાજરીવાળો છે. અસાધારણ વ્યક્તિઓને ખુલ્લી આંખો અંધકાર બતાવે છે, એટલે તેઓ આંખ મીંચી જઈને પ્રકાશનો અનુભવ કરે છે. રાજયોગીએ જગત સાથે આંખો મીંચી છે.

વન, એકલતા – વિકરાળતા – નિરવતા – અસહાયતા. વન પોતે જ જિંદગીનો ન્યાય બનીને સામે ઊભું રહે છે – અત્રે વ્યક્તિની ન્યાય બુદ્ધિને કામે લગાડી નથી શકાતી. વનમાં તો વિકરાળ વાઘ – સિંહની ગર્જનાઓ – પળેપળે માનવજિંદગીને ચેતવણી મળ્યા કરે. કાંટા–કંકર અથડાયા કરે. અન્ન–પાણીનાં વલખાં પડે. રાક્ષસગણો રાસડે રમ્યા કરે. રાત ને દિવસ લાંબા બની જાય. વાઘ–સિંહ પછીથી કલેક્ટરના સ્વાંગમાં પણ હોઈ શકે – ‘જેલના સળિયા પાછળ ધકેલી દઈશ’ – જેવી ગર્જના – ઘૂરકાટ સંભળાય. અપમાનીત શબ્દો કાને અથડાય અને શિર ચકરાવે ચડે. દફતરનું ઈન્સ્પેકશન થાય. તમારી નિર્દોષતા અને પ્રમાણિકતાના અકબંધ પોટલા ઉપર અકારણ, નિર્દય અપાત્રોની લાતોના પ્રહાર પણ થાય. કોઈક વેળા રણમાં પાણીનાં ખાબોચિયાં મળી જાય. હા, વચ્ચે ઋષિ આશ્રમો આવી જાય – કોઈ શબરી રાહ જોતી બેઠી હોય. ઑફિસમાંથી બહાર નીકળીને બાંકડે બેઠેલા નરેન્દ્રભાઈ પાસે કોઈ બહેન આશ્વાસન ઉચ્ચારતાં નજરે ચઢે —

“ભાઈ આમ તો ચાલ્યા કરે. બહુ મન પર લેવું નહીં.”

આ વખતે કદાચ નરેન્દ્રભાઈને કાને, દૂરના કોઈક ખૂણેથી ખંધા – કાનભંભેરણિયા અધિકારીના રાક્ષસી હાસ્યના પડઘા અથડાયા કરતા પણ હશે. અને અસત્યને પડકારવા હાથની મુઠ્ઠીઓ વળી હશે, આંખના ખૂણા રાતા થયા હશે.

આ વન છે.

જીવનનાં મૂલ્યોની ખેંચતાણ થઈ જાય. – હ્રાસ થાય. માનવીએ ચપટી ચપટી ભેગી કરેલી સંપત્તિ – શીલ, પવિત્રતા, માનવતા, દયા, અપરિગ્રહ, અહિંસા, સત્ય આવી અનેકનું જાહેર લીલામ થતું લાગે – હરણ થતું લાગે – છેડતી થતી લાગે. કોઈ સ્થૂળ – દેહધારી વ્યક્તિ નહીં – સીતાજી એટલે આ જ અમૂલ્ય મૂલ્યો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, મન, બુદ્ધિ, અહંકાર અને ‘હું’ એવો દશમાથાં-વાળો દશાનન – લંકાપતિ દેહધારી રાવણ નહીં–પણ આ જ. બહારના રાવણ કરતાં અંદરનો રાવણ અતિ બળવાન છે – દેખાય નહીં – ફક્ત અનુભવાય – તમારી બહારની સઘળી વ્યૂહરચના, તેને મહાત કરવા માટેની નાકામિયાબ છે. રાજયોગી કહે છે – તેને જુઓ, ઓળખો. તેની સાથે સ્નેહ પ્રયોગ કરીને તેને મહાત કરો. અંહકારનો ભરડો અજગરના ભરડા કરતાંય કાતિલ છે. કોઈ હઠાગ્રહ, હઠાસન, કામ નહીં આવે. રાવણ સાથે યુદ્ધે ચઢવા સૌ પ્રથમ વન બહાર નીકળવું પડે.

જીવનના પૂર્વાર્ધનાં અનેક વર્ષો, રાજયોગીએ અનેક પ્રસંગે–સ્થળે આવા રાવણો સાથે નાનાં મોટાં યુદ્ધો–દંગલો ખેલ્યાં છે. અરે, અવાજ હજુ બહુ જ દૂરથી સંભળાયા કરે છે. કાન પર સ્પષ્ટ નથી. કાન ખૂબ જ માંડ્યા કરવા પડે છે. અવાજ બુલંદ નથી બન્યો, તૂટક–તૂટક શબ્દો અથડાયા કરે છે. રણ-છોડજીની આરતી પૂર્ણ થઈ છે. કોઈ જાજ્વલ્યમાન વૃદ્ધ સ્ત્રી–તરુણ નરેન્દ્રને કહી રહી છેઃ ‘લે મારા



Scanned by CamScanner

પૈસા તને જ સોંપું છું, તું સાચવ, વ્યવસ્થા કર અને સન '૭૬ માં હું તને ફરી મળીશ ' ને – વાત જરા ગૌરથી વિચારવા જેવી છે — સન '૭૬ને આવવાની હજુ તો અંદાજે બે દાયકા વાર છે. મુરબ્બી બહેન તો વયોવૃદ્ધ છે–કોણ ક્યાં હશે કોને ખબર ? માજી કોણ હશે ? નરેન્દ્રભાઈનું તર્કબદ્ધ મન બોલે છે.

કઠિન–દુર્ગમ કાર્યોની સિદ્ધિ યૌવનની ખુમારી સિવાય, આવી મળતી નથી. યૌવન તો છે સંસ્કૃતિનું રક્ષક–સંસારની શોભા. વન વટાવી યૌવનની આરાધના કરવી પડે–સિદ્ધેશ્વર સાધવો પડે.

ભારતને છેડે, સમુદ્ર તટે, અજાણ્યુ અપરિચિત, વિમાસણયુક્ત રામજી ઊભા છે. સિવિલથી બહુમાળીના રસ્તા ઉપર પણ કોઈ પરિચિત, કોઈ સ્નેહી, કોઈ સગું, કોઈ દોસ્તદારી નજરે ચઢતી નથી. ગોધરાની ધરતીની રજ લઈ મૂંગી વિદાય તો લઈ લીધી.

નજરે ના પહોંચે તેવો સાગર – રાવણ – યુદ્ધ – સીતા – વિજય – આ બધાં જ ચિત્રોમાં રંગ પૂરાતા જાય છે. બહુમાળીમાં બેઠેલા નરેન્દ્રભાઈ આવી હકીકતથી પર ન હતા.

હરકોઈ સાગરને પાર કરવા માટે વિશિષ્ટ શક્તિ જ આવશ્યક છે. શક્તિ પરંતુ, પ્રવેશ કરવા માટે હજુ શિવત્વની રાહ જોતી બેઠી છે. હનુમાન કૂદકો આવશ્યક બન્યો છે. – જાંબુવન મૌન છે, લક્ષ્મણનો હાથ વારંવાર ખભે ધરેલ ધનુષ ઉપર ફરક્યા કરે છે અને પાછો વળી જાય છે કારણકે રામજીની દૃષ્ટિ અનિમેષપણે આકાશ તરફ છે – પ્રાર્થના – સ્તુતિ – આવાહન – સ્વીકાર – સ્વાગત — આ સઘળાં રામજીના હૃદયમાં એકસામટાં ઉમટી આવ્યાં છે. આજે યોગ શિવરાત્રિનો છે — રુદ્રી પાઠનું પઠન ચાલુ છે – જીવનની સઘળી સમગ્રતા શિવલિંગ ઉપર કેન્દ્રિત છે. આ હાલત છે રાજયોગીની, જ્યોત સ્થિર થઈ ગઈ છે.

અને, જેવી '**रामस्य ईश्वरः इति रामेश्वरः**' — રામના ઈશ્વર એવી ઉદ્‌ઘોષણા થઈ–કે તરત જ પ્રતિઘોષ થયો : **रामः इश्वरः इव** ઈશ્વર — જે વાજ રામ – **શિવત્વ** પ્રાપ્ત થયું. શિવજીનો કૃપાહાથ ઊંચો થઈ ગયો. રાજયોગીનો રુદ્રી પાઠ પૂરો થયો. ગળામાં મોતીની માળા આપમેળે ધારણ થઈ ગઈ. સંસારને સન્યસ્તનો સુમેળ સંધાઈ ગયો અને સંસારસેવા તરફ આંગળી ચિંધાઈ ચૂકી. રાવણના પંચ પ્રાણે પણ પ્રયાણ આરંભી દીધું. ષડ્રિપુઓનું શુરાતન શિવત્વમાં સમાઈ ગયું. શિવત્વનું **આગમન** અને રાવણ – ષડ્રિપુઓનું **ગમન** એ બે વચ્ચેના સમયગાળાની ભેદરેખા દોરવી દુષ્કર છે. તેમ કરવું ઈચ્છવા યોગ્ય પણ નથી. સૂર્યના આગમન પછી અંધકારનું શું થયું તેવું પૂછવા બરાબર છે.

શક્તિએ શાસ્ત્રીજીની સંભાળ–સેવા સંભાળ હાથ પર લઈ લીધી – "નોકરીની ચિંતા ના કરીશ" સંસારની સરકારને રામ રામ કરી પરમ સરકારની તહેનાતીમાં સૈનિકી શિસ્ત શરૂ કરી અને બાળભાવે ભીતરને ભર્યું. શિવરાત્રી રાજયોગીની વિજયાદશમી છે, શિવજીનો રાજીપો એટલે અમૃતનું પાન. શક્તિપાત—પરમેશ્વરની પ્રીતનો અભિષેક.

અવતરણોનો અનુભવ નહીં, ભક્તિનું ભારણ નહીં, જ્ઞાન તણી ગરિમા નહીં, શિખામણ નહીં, સભા–સમારંભ નહીં, ઉપદેશી દસ્યો નહીં, — "શબ્દ મારા, અર્થ મારા અને શાસ્ત્ર મારું" — ગાયત્રીમંત્રને પરમ શક્તિના સાગરમાં ઝબકોળી "ૐ મા ૐ"ની સંપૂર્ણ આધ્યાત્મિક સાદગી, સરળતા સૌને અર્પી નિરક્ષરની જીભે રટાતો કર્યો – બહુજન હિતાય–બહુજન સુખાય – રાજયોગી.

જે પામીને પોતે ન્યાલ થયા છે અને અન્યને આપીને તેમને ન્યાલ કર્યા છે તે નિઃસંદેહ 'પ્રેમ' સિવાય કંઈ નહીં. કોઈ પણ આકૃતિ સામે આવી પડે તેને પ્રેમના બીબામાં ઢાળીને સુકૃતિ કરનારા કસબી એટલે ક્રાંતિવીર રાજયોગી–અધ્યાત્મના રસસિદ્ધ.



Scanned by CamScanner

મોરલાનો ટહુકાર કેવળ 'મા'ની હેલી–સ્નેહ વૃષ્ટિ માટે જ છે–વૃત્તિરહિત–વાંછનારહિત. તપનો **'રાગ'** જ્યારે જિંદગીને ઘેરી વળે ત્યારે વ્યક્તિ મુક્તિનો **'મહારાગ'** લલકારી ઊઠે છે. રાજયોગીનાં ગીતોને – લલકારને આવી રીતે ઘટાવીએ તે તેનું અસલી સાચું સ્વાગત છે.

આધ્યાત્મિક દૂધથી છલોછલ ભરી રાખેલા પુરાણા જગત કટોરામાં મેળવણ બની તેમાં ભળી જઈને આધ્યાત્મિક દૂધમાં સમૂળી ક્રાંતિ સર્જતા, ઈસ્ત્રી ટાઈટ રેશમી ઝભ્ભાવાળા યોગી તે જ આપણા રાજયોગી – સરકાર.

સ્વપ્નશીલ ઈશ્વરનું સ્વપ્ન આજે સાકાર થઈ ગયું.

રાવણ તો ગયો–રાવણ ઘણું જીવો––રાવણ છે, હતો અને હશે પણ – રાજયોગીજીએ તો વારંવાર ધરા – પર આવ્યા જ કરવું પડશે – **संभवामि युगे युगे**. રાવણ તો કાળનું કારણ છે, રાજયોગી કાળથી પર છે — બહુજન હિતાય — બહુજન સુખાય.

કર્મઠ રાજયોગીની બાળપ્રકૃતિમાં વણાયેલી સરળ અને સિદ્ધ આધ્યાત્મિકતા, આપણી જિંદગીના પોતમાં પણ, સોનાના કસબનો તાણોવાણો બની ચૂકી છે. તેને કયા પ્રકારની ક્રાંતિ તરીકે ઓળખવી તે એક ચિંતનનો વિષય છે. કસબ દેદીપ્યમાન છે. સદાકાળ આપણા, આપણી વચ્ચે અને આપણે માટે.

ડૉ. ચંદ્રશેખરની પંક્તિઓથી આ અનંત વાર્તાને અટકાવીએ :

**"સંકેત ક્યાં મળે છે પ્રભુના સદન તણો**
**અણસાર ક્યાં જડે છે અનોખા વદન તણો,**
**ચકરાવામાં ફરું છું ન રસ્તો સરળ કોઈ,**
**પામું છું અનુભવ હું કોઈના જતન તણો."**

યાદ રહે, કંઈ પણ અભિવ્યક્ત કરીએ તો આનંદ થાય છે. તો, રાજયોગી તો પોતે જ અભિવ્યક્ત છે – પૂરેપૂરા વર્તમાનકાળ છે. તેમને મન કોઈ અંતિમ પળ નથી, કોઈ પ્રારંભની પળ નથી. આવો તેમની જિંદગીનો આસવ છે. આ આસવનું પાન કરનારને ચોક્કસ પૂછી શકાય કે ઈશ્વર તમને કેટલી વાર યાદ કરે છે? — સાતમી સપ્ટેમ્બર છે — કાલ કોણે દીઠી છે? આજનો લ્હાવો લઈ લ્યો.

[ પૂ. શ્રી રાજયોગી નરેન્દ્રજીના જન્મ દિનની પૂર્વસંધ્યાએ તેમના નિવાસસ્થાન 'શ્રદ્ધા' કુટિરમાં તેમની સમક્ષ રજૂ કરેલ વક્તવ્ય ]

□



Scanned by CamScanner

# મારી કસોટીઓ

## રાજયોગી નરેન્દ્રજી

પૂ. શ્રી રાજયોગી નરેન્દ્રજીના જન્મદિનની પૂર્વ સંધ્યાએ તેમના નિવાસસ્થાન 'શ્રદ્ધા'ની કુટિરમાં રાજકવિ શ્રી સતીશભાઈ ભટ્ટે રજૂ કરેલા 'બહુજન હિતાય, બહુજન સુખાય રાજયોગી'ના વકતવ્યનો પ્રતિભાવ આપ્યો હતો, જે અત્રે પ્રસ્તુત છે :

**વસંતોની નથી કીંમત, જો ન હોય ઉપવન**
**જિંદગીની નથી કીંમત, જો ન હોય વસંતો**
**વસંતો મહેકે, નિરખવા ઉપવનોને**
**જિંદગી મહેકે, ભેટી વસંતોને**
**વસંતોનો મલ્હાર,**
**બહુજન હિતાય, બહુજન સુખાય.**

માતાજીએ અગાઉથી જ મારા ષડ્‌રિપુઓને સંહાર કરાવવા માટે કસોટી કરેલી, જે નીચે મુજબ છે :

**૧. કામ :** વરસાદની ઘનઘોર રાત્રીએ એક નારીના રૂપમાં મારી સાથે આવીને મારી સાથે ચાલ્યાં.

**૨. ક્રોધ :** રણછોડજી મંદિરમાં રૂપિયાની નોટો ત્રણ ત્રણ વખત ગણાવીને જોયું કે ગુસ્સે થાય છે કે કેમ ?

**૩. લોભ :** ગોધરાથી અમદાવાદ આવતાં રસ્તામાં તેમણે મને મુંબઈ લઈ જવાની ને વધારે પૈસાની ને દરેક સગવડ આપવા જણાવેલ.

ગોધરામાં એક સાધુ મહારાજનો ભેટો થયો હતો. તેઓ મને કહેતા કે તારી પાસે કંઈક છે. તું મને બતાવ. મેં તેમને જણાવેલ કે હું તો કેવળ માતાજીના જપ કરું છું. તેમણે મને તેમની શક્તિ બતાવવા જણાવ્યું પણ મેં તેમને ના કહી. મેં તેમને જણાવેલ કે, મારે કંઈ જ જોવું નથી. તેમ છતાં એક વાર અમે ફરતા ફરતા નદી કિનારે જઈ બેઠા હતા ત્યારે પણ મારી ઘણી અનિચ્છા છતાં તેમણે કિનારાની રેતી હાથમાં લઈને તેનો રૂપિયો બનાવી મારી સામે ધર્યો. મને શું થયું તે મેં તે લઈને નદીના પટમાં ઘા કરી ફેંકી દીધો !



Scanned by CamScanner

ઉપરાંત વાયુમંડળમાં સંદેશની આપ-લેનો પ્રસંગ પણ ગણાવી શકાય. એક વાર લીમખેડા જતાં એક સજ્જને મને કહ્યું હતું કે ઋષિમુનિઓના વાયુમંડળમાં જે સંદેશાઓની આપ-લે થાય છે તેમાં હું તમને દાખલ કરીશ. ત્યારે મેં તે સજ્જનને જણાવેલ કે હું તો નોકરી કરું છું, નોકરીના કામે ફરતો રહું છું ને મારાથી તે બની શકશે નહિ.

૪. મોહ : મારી સાઈકલ પાછળ બેસીને આવ્યાં હતાં. ગોધરામાં એક વાર હું સાઈકલ પર જઈ રહ્યો હતો. એક બહેન રસ્તામાં મળ્યાં. તેમણે શહેરા ભાગોળ સુધી જવાની ઈચ્છા વ્યક્ત કરી. મેં તેમને જણાવેલ કે, "હું તમને લઈ તો જાઉં, પણ તમે કોઈ ખ્યાલ તો નહિ કરો ને!"

લુણાવાડાથી ગોધરા પાછા ફરતાં હાઈ વે પર એક એમ્બેસેડર કાર લઈને એક બહેન આવ્યાં. તેમણે મને લીફ્ટ આપી ને એક કલાક મોટરમાં સાથે રહ્યાં. ઉપરાંત પાવાગઢના પ્રવાસમાં પણ સાથે રહ્યાં!

૫. મદ (અહમ) : નવરાત્રીમાં લાલબાગ ટેકરીએ (ગોધરામાં) ગરબા ગાઈને ફરીને મને થકવી નાખ્યો. મારો અહમ્ ઓગાળી નાખ્યો.

૬. મત્સર (ઈર્ષા) : બાળપણની કોઈ યાદ નથી. સમજણમાં આવ્યા પછી આજ દિન સુધી કોઈની ઈર્ષા કરી નથી.

સહનશક્તિ ને હિંમત માટે નીચે મુજબના પ્રસંગો ઊભા કર્યા.

૧. કાંકણપુર જતાં રસ્તામાં ડાકુઓની મુલાકાત, કે જેમાં હિંમતપૂર્વક મેં મારી વસ્તુઓ તેઓને આપી દીધી. પણ માતાજીએ એ ડાકુઓની ટોળીના સરદારના કાનમાં ઝીણા આવાજે કહ્યું :

'આને છોડી દે. આ ગાયત્રીનો ઉપાસક છે.' અને એ સરદારે તેના સાથીઓને વસ્તુ પરત આપી દેવા જણાવ્યું. તેમનામાં આવા પરિવર્તનનું કારણ પૂછ્યું ત્યારે તેમણે ઉપરોક્ત બાબત જણાવી.

૨. ગોધરામાં 'ખંજર' નામના એક તાંત્રિકનો બનાવ, કે ટેનિસ ક્લબમાં સામાન્ય બોલચાલમાં તેણે મારા પર તાંત્રિકનો પ્રયોગ કર્યો પણ માતાજીની કૃપાથી મને કશું ન થયું. આવો પ્રયોગ કર્યાનું તેણે સ્વયં પાછળથી કબૂલ કરેલ હતું.

૩. જનતા મેલમાં આવવાનો પ્રસંગ, કે જેમાં એક બાવો ટ્રેનમાં હાથમાં સોપારી ચોંટાડી ડબ્બામાં ફરી રહ્યો હતો ને એ સોપારી ઊંચકવા પડકાર ફેંકી રહ્યો હતો ને કહેતો હતો કે 'છે કોઈ માઈનો લાલ!' મને થયું કે લાવ, હું પ્રયત્ન કરી જોઉં. મેં સોપારી ઊંચકી તો મારા હાથમાં આવી ગઈ. ડબ્બામાં બેઠેલા ઘણાએ આ અગાઉ પ્રયત્ન કરેલ પણ કોઈથી તે ઊંચકી શકાયેલ નહિ. આથી તે લાલઘુમ આંખે મારી સામે ઘુરકવા લાગ્યો કે, તું કોણ છે? શું કરે છે? ક્યાં જાય છે? પણ મેં તેને કોઈ જવાબ આપેલ નહિ. હું મારી ઑફિસના કામે જઈ રહ્યો હતો. તેથી કોઈ ઝઘડો કરવો ઉચિત ન લાગ્યો.

૪. કલેક્ટરે રૂબરૂ મુલાકાતમાં જેલમાં પૂરવાની વાત કરી હતી, તે પ્રસંગ એમાં અહમ્, સહન-શક્તિ, હિંમત એમ ત્રણની કસોટી હતી.



Scanned by CamScanner

રામ હોય, કૃષ્ણ હોય કે રાજયોગી હોય, પૃથ્વી પર માનવી તરીકે આવે તો તેમને પણ વિધિની ગતિવિધિમાં ફરવું પડે. કાળક્રમે દેશની ભૌગોલિકતા પ્રમાણે તેમના જીવનમાં બનાવો બન્યા કરે, અને બુદ્ધિમાન માનવીઓ એ પ્રસંગોને દેશ-કાળ મુજબ ચોકઠામાં બીબાની માફક ઢાળી દે તે હકીકત છે. રાજકવિ સતીશભાઈનું ચિંતન એ મુજબનું જ છે. બગીચામાં મહારાજના વેશમાં આવીને સૂચન કર્યું કે આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધશો ને સાક્ષાત્કાર થશે. આ વખતે તો મારા એકલા મંત્રજપ જ ચાલુ હતા. વધુ કાંઈ નહિ. આધ્યાત્મિક ક્ષેત્રમાં એકડો એક ઘૂંટતા ન હોય! વિધિની ગતિમાં શું છુપાયું તેની કોને ખબર!

ગોધરાથી આણંદ જતાં રેલવેના ડબ્બામાં સાથે બેસી જણાવેલ કે ભણતર ગૌણ છે. રાજયોગ થવાનો છે. તે સમયે તો આવી બાબતનો કોઈ અવકાશ જ ન હતો.

રણછોડજી મંદિરમાં પાટ ઉપર રૂપિયા ગણાવીને કહ્યું, આ રૂપિયા લઈ ૧૯૭૬માં મળીશ. તે સમયે હસવું આવે તેવી વાત હતી; જે આજે એક સનાતન સત્ય જેવી પુરવાર થયેલ છે.

મારી નોકરી જે ઊંડાણના ભાગમાં હતી ત્યાં મારી લક્ષ્મી ને અન્નપૂર્ણા બંનેનું હરણ થયું, જે ૧૯૭૬માં તેઓના સૂચન મુજબ પરત આવી ગયાં!

આમ જોવા જઈએ તો રામકૃષ્ણના વખતમાં જે પાત્રો તેમની આગળ પાછળ હતાં તેવાં બધાં જ પાત્રો અત્યારે છે જ. જે આપણી બધાની નજરે ચડે છે ને તેનું વિવરણ કરવાનું મન થાય છે. ઊંડા ઊતરો તો તેમાંથી એકસરખા બનાવો પણ ભિન્ન સ્વરૂપે મળી આવે, પરંતુ જે સમયમાં દેશકાળ પ્રમાણે વ્યક્તિ હોય તે વ્યક્તિ તો તેની તે જ રહે છે.

□

**'પ્રાણૌષધિ'**

**દર બુધવારે 'નિલોષા' પર મુલાકાતના સમયે કેન્સરનાં દર્દીઓને અભિમંત્રિત 'પ્રાણૌષધ' વિના મૂલ્યે આપવામાં આવશે.**



Scanned by CamScanner

# તું જ છે.

સતીશ ભટ્ટ

**મા**, **બાળ અને માળનો** આજે વસંતોત્સવ છે. આ ત્રણેય ભેગાં મળી તેને ઉજવી રહ્યા છે. આજે વીસ વર્ષ થઈ ચૂક્યાં છે. જરા વાત સાફ કરી લઈએ.

વીસ વર્ષ પૂર્વે મળેલ અલંકારને આપણે પહેલાંનું, જૂનું એમ ઓળખાએ જ્યારે માળ નવો, બાળ નવા અને માત પણ નવી—આ સદાબહારી, નિત્યયૌવન આ ત્રણેયનું છે એ મહા આશ્ચર્ય છે નિત્ય વૈરાગી રાજયોગીનો આજે આધ્યાત્મિક વસંતોત્સવ છે.

રાજયોગીએ સંસારને આંગણે જઈ કદીય કહ્યું નથી—"ભિક્ષા દે ને મૈયા પિંગલા". તેમણે બુદ્ધની પેઠે યશોધરાનાં નયન ભીનાં થવા નથી દીધાં છતાંય, મહાભિનિષ્ક્રમણ તો કર્યું જ છે. મહાવીરની જેમ સંસારને સૂકો-લૂખો બનાવી દીધો નથી. આ પથ્થર ઉપર લકીર જેવી વાતને ચક્ષુ સમક્ષ રાખી બાળ-યુવાનની મનોસૃષ્ટિમાં ઊતરું છું :

**ઓ સાતમી ! જોતા હતા – અમ 'રાહ' તે દિન તું જ છે.**
**ઓ સાતમી ! કે'તા હતા – અમ 'વાહ' તે દિન તું જ છે.**
**ઓ સાતમી ! ઊભા હતા – વિદાય દેવા 'આહ' ને એ તું જ છે.**
**ચાખવી'તી 'ચાહ' કેવી – સાતમી ! તે તું જ છે.**

**ભરવા હતા બે 'શ્વાસ' છુટા – સાતમી એ તું જ છે.**
**મળવું હતું 'હમરાહ' ને દિન સાતમી એ તું જ છે.**
**આવી જશે મહેફિલમાં – 'ખુદાહ' પણ, દિન તું જ છે.**
**મન સાગરે ભરતી તણી – ભાસી 'નિગાહ' તું જ છે.**

**ને હિમાલય શબ્દથી – વહેતા 'પ્રવાહ' તું જ છે.**
**સંસારને સન્યાસનો – 'નિર્વાહ' સાથે તું જ છે.**
**રાજયોગીનું ધરા પર – કાર્યકારણ તું જ છે.**
**સંસાર છે 'ગુમરાહ' – કે'વા આવી છું તું જ છે.**

□



Scanned by CamScanner

# હિસાબોનો રોજમેળ

**રાજયોગી નરેન્દ્રજી**

ગાયત્રી માતાના વહાલાં બાળકો,

**યે દિવાલી હૈ સામને સબ મહેફિલ હૈ**
**યે દિવાલી જાયેગી નયા નૂતન વર્ષ**
**નયા સાજ સજાકર આયેગા નૂતન વર્ષકા મહેફિલકો**

**સાલ મુબારક**

**ઔર સાલ મુબારક કો આપ સબકા મુબારક**
**ઔર આપ સબકો મેરા ૐ મા ૐ**

આપણા યુવાન કલાકારોએ ખૂબ જ સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. આ કાર્યક્રમ પાછળ અથાગ મહેનત, ઉજાગરા થયા હશે, પરંતુ ભક્તહૃદય છે, તેથી એનો આનંદ પણ આવ્યો હશે.

તમારા જીવનમાં પણ આવી રીતે એકરસ થઈ જિંદગીનું સંગીત રેલાવજો, જીવન જીવવાની ઔર મજા આવશે.

ભક્તિસંગીતમાં મુખ્ય ધ્વનિ શિવત્વ હતો ને તેનું કેન્દ્રબિન્દુ હું જ હતો ને મારે કેન્દ્ર બિન્દુ જ રહેવું છે, વર્તુળ નથી થાવું, ભક્તોની લાગણી છે, પ્રેમ છે, તેને તેઓ તેમની આગવી રીતે વ્યક્ત કરી શકે છે પરંતુ મારા મત મુજબ,

**સમાવી શિવ ને શક્તિ**
**બાળ ને સૈનિક થાવું છે.**
**અગર જો શિવ આવે તો, તાંડવ કરી જાવું.**
**અગર જો શક્તિ આવે તો સૈનિક બની જાવું.**
**અગર જો શિવ-શક્તિ સાથમાં,**
**રાજયોગી બની જાવું.**

**ઓ મહેફિલના કલાકારો,**
**થોભો, થોડો શ્વાસ તો લઈ લો.**
**રાતોની રાતોના ઉજાગરા,**
**થોડી નીંદ તો માણી લો.**
**આ સૂરોની સરગમને**
**ને તાલના ધબકારને**



Scanned by CamScanner

થોડો આરામ તો દો.
સાથીઓના સાથની
થોડી હળવાશ તો માણી લો.
આ મહેફિલમાં સર્વેને ઝૂમતા કરી દો ને.

હરદમ વહાવો સરગમના સૂરોને,
હરદમ ગાવો કોયલ સમા શબ્દ-સૂરોને,
તનને, મનને ને અન્યને
આનંદ અર્પતા રહો.

## મુજ આશિષ

'નીલોષા'માં તા. ૪-૯-'૭૯ના રોજ કાર્યયજ્ઞ ચાલુ કર્યો. આ કાર્યયજ્ઞ ૧૬ વર્ષ પૂરાં કરી સત્તરમા વર્ષમાં પ્રવેશ કરે છે. 'નીલોષા' હવે યૌવનના આંગણે થનગનતો દેખાય છે. સતત એકધારો માતાજીના આદેશ ને સંચાલનથી આ કાર્યયજ્ઞ ચાલી રહ્યો છે. 'નીલોષા'ની ધરતી માતાજીના પુનિત પગલાંથી પવિત્ર બની ચૂકી છે. માતાજીનો મોકલેલ મોર પણ 'નીલોષા'નો મહેમાન ૧૯૯૩માં બની ગયો છે, જેની યાદ આજ દિન આપણા સ્મૃતિપટે મોજૂદ છે.

માતના પાલવમાંહિ છુપાવું મારે
છુપાઈ જગત આખાને નિહાળવું મારે,
નિહાળી જગતને વિસ્મય પામતો
જગતનાં દુઃખ દર્દ મિટાવવા મારે.

પામવા પરમ તત્ત્વને,
તર્કના દરવાજા બંધ કરો,
ડાબા ને જમણા હસ્ત સમા
શ્રદ્ધા ને શરણાગતિના દરવાજા ખુલ્લા કરો.

જિંદગી તણાં પગથિયાં સડસડાટ ચડી જાશો.
'નીલોષા' માંહી આવી જાશો,
માતનો અણસાર માણી લેશો.

'નીલોષા' વડલા સમાન દીસતો
'નીલોષા'એ પાંગરી સોળ વર્ષથી વડવાઈઓ
વડવાઈઓ તણાં મૂળ ઊંડાં જાતાં.
'નીલોષા' ભાસે કબીરવડ સરીખો
નિરખી કબીરવડ રૂપી 'નીલોષા'ને
માનવીઓ દુઃખ દર્દ ભૂલી જાતા
નલિન-ઉષા તણી બેલડી
'નીલોષા' રૂપી કબીરવડમાં
અડીખમ ચોકીપહેરો ભરે
સાથમાં સહકાર્યકર્તા ટેકો ધરે
અગોચર માત હાજર ત્યાં
રાજયોગી નરેન્દ્રજી સેવા કરતા રહે.

'નીલોષા'માં કાર્ય કરવા બેઠો તેની થોડી માહિતી :

એક કળીને મસ્તી આવી,
યુવાનીમાં ગુલાબ આવ્યું
પવનની લહેરીઓ સ્પર્શે,
માનવીઓના શ્વાસો સ્પર્શે
ગુલાબની મહેક
તરુણીની અમીનજર
તરુણીએ વરસાવી જીવનજળ રૂપી
ગંગાને ગુલાબના કરમાંહી.

જીવનજળ વહેતું રહે, વહેતું રહે,
વહેતું રહે,
આતમને પાવન કરતું રહે,
ચઢી રહ્યો નિસરણી તણાં પગથિયાં
આજુબાજુ બે કઠેરા,
એક કઠેરો સંસાર તણો
બીજો કઠેરો આધ્યાત્મિકતા તણો
આવી ઊભો ત્રેસઠમા પગથિયે



Scanned by CamScanner

જળચર, સ્થળચર, વાયુચર
આનંદમય દિસે,
અગોચર રહી સર્વે દેવો, પિતૃઓ
આશીર્વાદની હેલી કરે
મુજ આંગળી પકડી
માત ચડાવે ચોસઠમા પગથિયે
નીચે નજર ફરે ત્રેસઠ પગથિયાં પરે
વિચારું ? શું વીત્યું હશે ?
ત્રેસઠ પગથિયાંને, ભાર વહન કરતા.
મારાં વર્ષોના હિસાબોનો
રોજમેળ સરખો નથી
ને જે છે તે એટલો સદ્ધર નથી
ઘડીમાં બાળ રમતો, ઘડીમાં નર દેખાતો
ઘડીમાં નારીના શણગાર, ઘડીમાં મોર ટહુકતો
ઘડીમાં ઘોડ-દોડની રમત
કયા રોજમેળમાં શોધવાં આ વર્ષો ?
રોજમેળમાં જમામાં માતની હાજરી
ઉધારમાં રાજયોગી,
વર્ષો વર્ષે મૂડી સાથ, વ્યાજ વધતું રહે
સૈનિક ને સેવા થકી, સિલક સરખી રહે.
વર્ષો શોધવાનાં બાકી રહે
નજરે નિહાળો, અંદાજ લગાવો
અંદાજ ઠગારો ભાસશે.

સમય સરકતો રહે, માતની આવનજાવન રહે
સેવા તણા બે દાયકા વીતી ગયા
સાલમુબારક વહાલા એકવીસમા વર્ષને.
૭ સપ્ટેમ્બર ૧૯૩૨
માત પધાર્યાં મધરાતે, મુજ સાથ અવનિ પરે,
વરસાવી સ્નેહની ધારા, ગયાં ચાલી
બાળ એક ને માત બે,
તેંતાળીસ વર્ષો તક અગોચર રાહે
બાળ તણી દેખભાળ,
પડદા પાછળ કાર્યો કીધાં અનેક
ચુમ્માળીસમા વર્ષે
પ્રગટ થઈ કીધો વાર્તાલાપ
આજ દિન દર વર્ષે
શિરસ્તો ચાલુ રહ્યો,
રડાવ્યો, હસાવ્યો, તપાવ્યો
ખૂબ ખૂબ કીધો સ્નેહ
સ્નેહ તણાં સંભારણાં ઝાઝાં
યાદ કરું કયું સંભારણું
હૃદય દ્રવે, આંખ ટપકે, અધર ફફડે
જેમ પવનમાંહી દીપક.
દીપક જલતો રહે, પ્રકાશ પથરાતો રહે
માત સન્મુખ રહે
મીણબત્તી પ્રગટે, આંસુ સારે
આંસુઓના રેલામાંહી, સમર્પણ સર્વસ્વનું.

મીણબત્તી પ્રગટે છે તે ઓગળે ત્યારે આંસુ સારતી હોય તેમ લાગે ને આંસુઓના ટીપાંમાંહી તેનું સર્વનું સમર્પણ થઈ જાય છે. તેનું અસ્તિત્વ જ ઓગળી જાય છે. તેવી જ રીતે આ શરીર એક મીણબત્તી છે ને તેમાં એક પ્રકાશપુંજ છે. જેવી રીતે મીણ ઓગળે, તેવી જ રીતે માનવીનાં વર્ષો ઓગળતાં જાય ને તેના વર્ષો ટૂંકા થતાં જાય ને છેલ્લે અસ્તિત્વ ઓગળી જાય.

પહેલો શ્વાસ અવનિ પરે, બાળ તણો
સૂર્યમંડળનાં ચક્રો ફરે
હરેક ચક્રોના નૂતન વર્ષે
આવે તે તું જ છે.

આવીને આશિષ દેતી તે તું જ છે.
આવીને 'વિદાય' થાતી, તે પણ તું જ છે,
મા-બાળના પ્રીતની આપ-લે
કરતી તે તું જ છે.

[ આધ્યાત્મિક કેડી, ઑક્ટોબર, '૯૫



Scanned by CamScanner

આવીને નિરાંત ન લેતી તે તું જ છે.
મહેફિલમાં હાજરી આપતી તે પણ તું જ છે.
મહેફિલના કલાકારો ભરતીથી હિમાલયને
આંબવા તત્પર
રાજયોગી ધરા પર, તું હાજર અધરાપર
રાજયોગી ને તારું મિલન
શિવ ને શક્તિનો સંયોગ
તાંડવ ને રાસનો સંયોગ
કેદાર ને મલ્હારનો સંયોગ
મારો ને તમારો સંયોગ
સંત ને સંસારીનો સંયોગ
માણી જુઓ જાહેરમાં
નિરખવા આ ઘડીને હાજર,
તે પણ તું જ છે.
પધારવા અવનિ પરે, સફર અવકાશ માંહીથી
અવકાશને અવનિ તણી ગતિવિધિમાં ફેર
અવનિ તણી રીતરસમો, માતને મંજૂર નથી
જેથી અવનિ પરે વસવાટ નથી
વર્ષમાં એક દિન, રાજયોગી પાસ આવે
અલ્પ સમયમાં ચાલી જાયે
અવનિ તણો હરેક માનવી, સંત બની જાયે.
પરમ તત્ત્વ અવનિ પરે આવી વસે.
નથી શંકર કે શિર મહીં,
ગંગાને સમાવી શકું
છું રાજયોગી માત તણો,
માતે અર્પ્યું સામર્થ્ય
નીરને જીવનજળ બનાવી શકું.
નથી રામ કે આજના રાવણોનો
સંહાર કરી શકું.
રાવણ સમા ષડ્‌રિપુને મહાત કરી શકું,
નથી કૃષ્ણ કે ગોવર્ધન પર્વત ઊંચકી શકું.
ખુદ છત્રી બની છાંયડો અન્યને અર્પી શકું.
નવ નવ માસથી માત કાર્યરત
અંશને માનવદેહ અર્પવા
મસલતો સર્વ દેવો સાથ.
ક્યાંય કંઈ બાકી ન રહે
ભરોસો નથી, ધરતીના માનવીનો,
ધ્યાન રાખવું પડે
પ્રત્યેક દેવ શુભેચ્છા અર્પે માતને
ને બક્ષિસ અર્પે અંશ કાજ
અંશ વિહ્વળ બને, અવકાશમાંથી અવતરીને
આલમમાં વિચરવાનું
ને માત તણો વિયોગ
ધરતી પરે વિસ્મૃતિ ગત જન્મની
માતે દીધું વચન, આવતી રહીશ,
સાચવતી રહીશ, કાર્ય કરાવતી રહીશ
અરમાનો પૂરાં કરતી રહીશ
અંશને કર્યો તૈયાર વહાલથી
અંશ પધાર્યો ધરતી પરે
૭ સપ્ટેમ્બર ૧૯૩૨, રાધાઅષ્ટમી
માતે નિભાવ્યું વચન, જન્મથી આજપર્યંત.
અંશે રોશન કીધું નામ માતનું
અનુસરી સોનેરી શીખામણો
આજ રાજયોગી, માત મન દિસે બાળ
હેત કરે, વહાલ કરે, લાડ કરે,
વાત્સલ્ય વરસાવે, હુકમ કરે,
બાળનું કર્તવ્ય, માતનો આદેશ.
અત્તરને ફૂલોની શી ખબર!
હવેલીને ઝૂંપડીની શી ખબર!
પાણીને વરસાદની શી ખબર!
પ્રભુને માનવીની શી ખબર!
રાખવા ખબર, કર્મ તણો
સિદ્ધાંત બદલવો પડે.



Scanned by CamScanner

નિહાળી અન્યનાં હૃદયો, હૃદય મારું ભીંજાયે
ભીંજાઈ ને ઠંડક અર્પું, અન્યના હૃદયોને.

*

ઓ ચાંદ સિતારા, આવી જાઓ ધરતી પરે
આ મહેફિલનાં મનુજોને
સુંવાળો સ્પર્શ આપી જાઓ
પવિત્ર થાશે, તન, મન તુજ સ્પર્શે
આગે કૂચકદમ થશે, આધ્યાત્મિક ક્ષેત્રે.
અહીં બેઠા પ્રેમ થકી, સર્વે હકીકતો ભૂલીને
જાશો પરત ઘરે, સર્વે હકીકતો સામને
મારું-તારું કંઈ નવ કરશો,
જગત પરે સમભાવ રાખશો
ભૂલી નવ જાશો બંધુઓ મારાં,
અત્રેથી કંઈક લઈ ને જાશો.
તમ હૃદયમંદિરમાં કેદ કરી,
રાજયોગીને લઈ જાશો.
આત્માનંદમાં ખોવાઈ જાશો.

*

તા. ૭-૯-'૯૫ના રોજ અમદાવાદના પી. જી. મહેતા મેમોરિયલ હોલમાં પૂ. રાજયોગી નરેન્દ્રજીનો ૬૪મો જન્મોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે 'ગુરુશંકરરૂપિણમ્'નો રાજયોગીના શિવત્વને વ્યક્ત કરતો, તેમનું અભિવાદન કરતો સંગીતનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન અને તેનો સૌ પ્રથમ વિચાર પૂ. શ્રીના પુત્ર ચિ. યોગેશભાઈનાં હતાં.

ત્યાર બાદ પૂ. શ્રીએ પોતાનું જે વક્તવ્ય રજૂ કર્યું હતું તે અત્રે પ્રસ્તુત છે. આ પ્રસંગે રાજકવિ શ્રી સતીશભાઈએ 'તું જ છે'નું સ્વરચિત કાવ્ય રજૂ કર્યું હતું, જેનો પ્રતિભાવ પણ પૂ. શ્રીએ પોતાના વક્તવ્યમાં વણી લીધો હતો.

આ કાર્યક્રમના અંતે પૂ. શ્રીના વરદ હસ્તે 'ગુરુ શંકર રૂપિણમ્'ની ઑડિયો કેસેટનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ કાર્યક્રમનાં કળાકાર ભાઈ-બહેનોને પૂ. શ્રીએ તેમના કૃપા-આશિષની સ્મૃતિભેટ શાલ રૂપે અર્પણ કરી હતી.

□



Scanned by CamScanner

# પરમ શક્તિની પધરામણી

## રાજયોગી નરેન્દ્રજી

**તા.** ૫–૯–'૯૫ મંગળવારની રાત્રિએ હું ઓચિંતો જાગી ગયો. અચાનક પ્રકાશ કરીને જોયું તો ઘડિયાળમાં ૧૨–૩૫ થયાં હતાં. થોડી જ સેકંડમાં ટેબલ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી સ્વયં ૨૫–૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે મરક મરક હાસ્ય વેરતાં પ્રગટ થયાં. માતાજી ત્યાંથી ચાલીને સોફામાં મધ્યમાં બિરાજમાન થયાં.

હું પલંગમાંથી ઊઠીને માતાજીના ચરણમાં બેસી ગયો. માતાજીએ વાત્સલ્યની વર્ષા કરતાં કરતાં કંઈ કેટલીએ વાતો કરી, કાર્યયજ્ઞ વિષે માર્ગદર્શન આપ્યું.

ત્યારપછી માતાજી સોફામાંથી ઊઠીને ટેબલ પાસે ગયા અને નેપકીન પર બદામ પધરાવી. પછી પલંગ પર એક છેડે બેઠાં. હું સોફા પાસેથી ઊઠીને પલંગ પાસે આવીને તેમના ચરણમાં બેસવા જતો હતો, પરંતુ માતાજીએ મને તેમની સાથે પલંગમાં મધ્યમાં બેસાડી દીધો. મારો હાથ તેમના હસ્તમાં રાખી વહાલ કરતાં કરતાં જીવનજળ વિષે વાત કરી. માતાજીએ જણાવ્યું કે,

"જળને બદલે મુલાકાતીએ શારીરિક કે માનસિક તકલીફ માટે પોતાની સાથે મેથી અને રાઈ લાવવી; અને તે મેથી–રાઈને તારે અભિમંત્રિત કરવી. આ અભિમંત્રિત મેથી–રાઈમાંથી એક એક ચમચી વ્યક્તિએ પોતાના સાદા પાણીમાં નાંખવાં, જેથી તે પાણી જીવનજળ બની જશે. આ જીવનજળ પંદર દિવસ ચાલે તેટલું જ બનાવવું. દર પંદર દિવસે અભિમંત્રિત મેથી–રાઈ પાણીમાં પધરાવી જીવનજળ બનાવી લેવું. પંદર દિવસનું જીવનજળ પૂરું થાય પછી આ પલળેલા મેથી–રાઈનો જે તે વ્યક્તિએ પોતાના ખોરાકમાં ઉપયોગ કરીને ખાઈ જવાં."

જીવનજળની વાતો પછી અમે મા–બાળના વહાલની સરિતામાં સરી પડ્યાં. કેટલાય હાસ્ય–વિનોદ કર્યા. પછી માતાજીએ મને જણાવ્યું કે, "તું સૂઈ જા." માતાજી પલંગમાં બેઠાં હતાં ત્યાંથી ઊઠીને પલંગમાં અડધી જગ્યા તેમના માટે ખાલી રાખું છું ત્યાં આવીને પલંગમાં પલાંઠી વાળીને બેઠાં અને મારા મસ્તક અને મુખ પર વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવાર્યા કર્યો. મેં સૂતાં સૂતાં ઘડિયાળ સામે નજર કરી તો રાત્રિના એક અને પાંચ મિનિટ થઈ હતી. હું ક્યારે નિદ્રામાં સરકી પડ્યો તેનો મને ખ્યાલ ન રહ્યો.

સવારે ચાર વાગ્યે જાગી ગયો. માતાજીના વહાલપની અનુભૂતિ અને કાર્યયજ્ઞની વાતોને વાગોળતો હું ક્યાંય સુધી આનંદસાગરમાં ખોવાઈ ગયો. વાતાવરણ અવર્ણનીય સુવાસથી મહેંકતુ હતું.

માતાજીએ આછા સફેદ (off white) રંગની સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. આછાં આભૂષણો હતાં. વાળની એક સેર છૂટી રાખી હતી. બદામ પધરાવી હતી.

□

## ॐ મા ॐ

### 'મેરા જીવનજળ'

**સૂચના :**

(૧) શારીરિક અને માનસિક તકલીફવાળી દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવા જરૂરી છે.

(૨) પંદર દિવસ ચાલે તેટલું **'મેરા જીવનજળ'** એકી સાથે બનાવી લેવા માટે અભિમંત્રિત કરેલાં મેથી–રાઈમાંથી ૧ ચમચી મેથી અને ૧ ચમચી રાઈ, ૩૦ ચમચી સાદા પાણીમાં પંદર મિનિટ સુધી પલાળવા; પછી તે પાણીને ગાળીને બોટલમાં ભરી લેવું, અને પલળેલાં રાઈ–મેથીને ખુલ્લા વાસણમાં રાખીને સૂકવવાં. સૂકાઈ ગયા પછી ડબીમાં ભરી લેવા.

(૩) દરરોજ એક ચમચી 'મેરા જીવનજળ' એક ચપટી સૂકાઈ ગયેલાં મેથી–રાઈ સાથે સવાર સાંજ લેવું અને તે પંદર દિવસમાં પૂરું કરવું.

(૪) પંદર દિવસ પછી આ ક્રમ ફરીથી ચાલુ કરવો.

**નોંધ :** પૂજ્યશ્રી પાસે એક મહિનાથી વધુ સમય માટે મેથી–રાઈ અભિમંત્રિત કરાવી શકાશે.

અભિમંત્રિત **'મેરા જીવનજળ'** સાથે પૂજ્યશ્રીના અન્ય આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે.



Scanned by CamScanner

# પરમ તત્ત્વ તણી અદાલતમાં

રાજયોગી નરેન્દ્રજી

**આજ ૨૦ એપ્રિલ ૧૯૯૪ મિલન તણી પળો**
**ફરી ભેળાં મળીશું ૧૫ જૂન ૧૯૯૪**

યોગાનુયોગ આજે રામનવમી છે. શુભ દિવસ છે. એની ચર્ચા પછી કરીએ છીએ પરંતુ હું અમેરિકાના પ્રવાસે જઈ રહ્યો છું. આ મારો ૧૨મો અમેરિકાનો પ્રવાસ છે. મારી ગેરહાજરી આપ બધાને લાગશે. મિલન અને વિરહ, સંયોગ ને વિયોગ આનો અનુભવ તો માનવ જન્મે છે ત્યારથી જ કરતો રહે છે. દા. ત. બાળક જન્મે છે તે પરમ તત્ત્વની પાસેથી આવે છે, જેથી તેને પરમ તત્ત્વનો વિયોગ થાય છે. માટે બાળક રડે છે. એ પરમ તત્ત્વનો વિયોગ હોય છે એને. એ ત્યાંથી આવે છે. એટલે જન્મથી જ તમારે વિયોગ સહન કરવાનું આવી પડે છે. પરંતુ જગતની અંદર આવ્યા પછી તે ટેવાઈ જાય છે. વિસરી જાય છે. ભૂલી જવું, વિસરી જવું એ જગતના માનવીનો ગુણધર્મ છે.

જડ-ચેતન દરેકના ગુણધર્મ અલગ અલગ હોય છે પણ મનુષ્યના ગુણધર્મ દરેક વ્યક્તિએ જુદા જુદા હોય છે. એ ગુણધર્મોને તારવવાનું બહુ જ દુષ્કર છે. દા. ત. મનુષ્યના શરીરનું બંધારણ તો એક સરખું જ જણાય છે પરંતુ તેના વાણી, વિચાર ને વર્તનમાં તફાવત જોવા મળે છે. વાણી ને વર્તન તે સમજી શકાય એમ હોય છે પરંતુ તેના વિચારો, તેના હૃદયમાં શું રંધાઈ રહ્યું છે, તેના મગજમાંથી કયો પાક બહાર આવશે તેની ખબર પડતી નથી.

માતાજીએ મને જે કાર્ય સોંપેલ છે તે કાર્ય માટે જ જઈ રહ્યો છું.

**જગત તણા કેસો લડી રહ્યો છું**
**પરમ તત્ત્વ તણી અદાલતમાં**
**વ્યાકુળ માનવીઓ, વિરહ આવી પડયો,**
**ગ્રિષ્મ ઋતુમાં લાંબી વેકેશન અદાલત તણી**
**મુજ કાજ વેકેશન મંજૂર નથી,**
**પૂર્વ નહિ તો પશ્ચિમમાં અદાલત જારી રહે.**

મારી ગેરહાજરીમાં પ્રશ્નો તો ઉપસ્થિત થાય અને થશે પરંતુ શાંત ચિતે બેસી માતાજીનું ધ્યાન ધરશો, મને યાદ કરજો. ચોક્કસ શાંતિ મળશે.

યાદ રાખો કે જિંદગી એ જ મોટો પ્રશ્ન છે. જિંદગી જીવીએ છીએ. આવીએ છીએ એ જ મોટો પ્રશ્ન હોય છે માનવી માટે એટલે જિંદગી જ એક મોટો પ્રશ્ન છે આપણી સામે. પરમાત્માનો અંશ પણ જન્મ ધારણ કરીને આવે તો તેને પણ પ્રશ્નો ઉદ્‌ભવવાના. યાદ કરો.

**યાદ હૈ બન બન ભટકનાર જાનકી રઘુવીર,**
**સુખ કભી દુઃખ કભી સંસારકી યે રીત હૈ**
**આજ જિસકી હાર હૈ, કલ ઉસીકી જીત હૈ.**

આ તમે યાદ રાખશો, કે રામે પણ રાજા થઈને અવતાર લીધો પોતે રાજકુંવર થઈને, એણે શું ભોગવ્યું. આખી જિંદગી વન વન ભટક્યો ને શું બધું ?

યાદ કરો કૃષ્ણને, જીવનની અંદર કેટલી વિટંબણાઓ વેઠી છે. સોનું બનવા માટે તપવું પડે.

આજે ઘણા કહે છે કે રામાયણ મહાભારત ગ્રંથો કાલ્પનિક છે. ઘણા ભાઈઓ કહે છે કે રામાયણ મહાભારતની કથા અમે માનતા નથી ને બધું કાલ્પનિક પાત્રો ઊભાં કર્યા છે ને કાલ્પનિક છે. પરંતુ મારું કહેવું છે કે આ કહેનારા ખુદ કાપોલિક છે. એ કયા લોકો કહે છે કે જે લોકો રામ–કૃષ્ણના વખતમાં રાક્ષસો હતા. એ રાક્ષસોનો સંહાર કર્યો હતો રામે અને કૃષ્ણે. એ રાક્ષસોને મોક્ષ તો મળ્યો એમના હાથથી પણ અમુક વર્ષો બાદ પણ, મોક્ષ પામ્યા પછી પણ માનવીને અમુક જન્મ માટે મોકલ્યા હશે વર્ષો બાદ, તે પછીના જન્મોના જન્મ થતા ગયા, થોડું ઘણું ભૂંસાતું ગયું. પણ છતાં પણ કંઈ કંઈ વેરવૃત્તિનું પોષણ રામ–કૃષ્ણ માટે થતું રહ્યું, માટે એ લોકો કાપોલિક છે ને એ લોકો રામ–કૃષ્ણને કહે છે કે આ ગ્રંથો નકામા છે ને કાલ્પનિક છે.

જેનો વિરોધ કરવો હોય તો તેના જેવું ને જેટલું આચરણ કરવું પડે. એટલું આચરણ તો તમે કરી જુઓ. એક અંશ પણ તમે તમારા જીવનમાં ઉતારી નહિ શકો. તો તેનો વિરોધ કરવાનો શો અધિકાર છે ? રણમેદાનની અંદર યુદ્ધના સમયે આખી ગીતાનું પાન કરાવ્યું એ શું બતાવે છે ? કેટલી ધીરતા, અડગતા ! જ્યાં શસ્ત્રો વહે, ત્યાં વાણીનો પ્રવાહ ! પરંતુ તે તેણે કરી બતાવ્યું ને જગતને એક અણમોલ ગ્રંથ તત્ત્વજ્ઞાનથી ભરપૂર ભેટ આપી દીધો, જે જીવનનાં દરેક પાસાંઓને સ્પર્શે છે.

નરસિંહ–મીરાં, પાત્રો તો સમકાલીન છે. નરસિંહ અખંડ કૃષ્ણને યાદ કરતો ને કહેતો, "એક તું, એક તું, "એક જ હરિ" મીરાં કહેતી "મેરો પિયુ પરમેશ્વર", "શબરી" રામ પાછળ આખી જિંદગી પાગલ રહી. અરે ! આ રાજયોગીને જુઓ ને દરેક ક્ષણે માતાજીની પ્રતીક્ષામાં હોય છે.

આજે રામનવમી છે. રામે જે જિંદગી જીવી ને જે રીતનું વહેવારિક વર્તન કર્યું તેનો દાખલો લો ને તે તમારા જીવનના દાખલા સાથે ગણો અને ગણતા જાઓ, ગણતા જ જાઓ. રામ તો મર્યાદા પુરુષોત્તમ કહેવાયા. જેથી તમે તમારા જીવનમાં રામના ગુણો ઊતારશો તો આજના જગતમાં તમે તરી જશો. રામની જિંદગી માટે કહી શકાય કે,

**જન્મ લીધો ફૂલોની શય્યા મહીં, કંટકો સહ્યાં જિંદગી ભરે.**

રામાયણ લો. તેની અંદર પ્રેમરસ મળશે, વીરરસ મળશે, કરુણરસ મળશે. ભક્તિરસ મળશે. સેવારસ મળશે. આ બધા રસમાંથી તારણ કાઢો ને તમારે શું ઉતારવું તે તમારી મરજી મુજબની વાત છે. કોશિષ કરશો તો જરૂર કંઈક મેળવી શકશો. રામે રાક્ષસોનો સંહાર કર્યો હતો. તમે તમારા ષડ્રિપુ રાક્ષસોનો સંહાર કરો ને જિંદગીની મોજ માણો. આટલું જ કરશો તો જીવન ધન્ય બની જશે.

મારી ગેરહાજરીમાં હું આપ બધા પર નજર નાખતો રહીશ. તમને કોઈ પણ જાતની તકલીફ નહિ પડે તે હું જોતો રહીશ. આપ સર્વને મારા આશીર્વાદ છે.*

□

---

• તા. ૨૦-૪-'૯૪ અને વિક્રમ સંવત ૨૦૫૦ ના ચૈત્ર સુદ નોમ–રામનવમીના પર્વ નિમિત્તે તેમ જ સેવા કાર્ય નિમિત્તે અમેરિકા જતાં પોતાના નિવાસે 'શ્રદ્ધા' કુટિરમાં ઉપસ્થિત સમુદાય સમક્ષ પૂ. રાજયોગી નરેન્દ્રજીએ ઉપરોક્ત આશીર્વચનો ઉચ્ચાર્યાં હતાં.



Scanned by CamScanner

# પવન બિન ચિનગારી

રાજયોગી નરેન્દ્રજી

**શ્રી રામ**–સીતાનાં વહાલાં બાળકો,

**રામ ચાલ્યા વનવાસ, મંથરા તણી બુદ્ધિ**
**કૈકેયીના શબ્દો થકી, દશરથ સમો સમર્થ રાજા**
**નારી તણા વેણુથી જિંદગી હારી ગયો**
**નથી શબ્દો સર્યા દશરથના મુખમાંહીથી**
**રામને વનવાસ જાવા, તડપે દશરથ રામ કાજે.**

રામને વનવાસ જવાનું થયું. કૈકેયીના શબ્દો અને મંથરાની બુદ્ધિ. દશરથ આખી જિંદગી હારી ગયો. દશરથ રાજાએ પોતે પોતાના મુખમાંથી રામને કહ્યું નથી કે તમે વનમાં જાવ. એણે તો સાંભળ્યું જ છે ને જવાની તૈયારી કરી દીધી. પણ શા માટે તૈયારી કરી ?

**કર્મનાં બંધન તણાં પલ્લાંઓને, સ્થિર થાવા રામને વનવાસ.**

એમને તો કર્મનું બંધન નહોતું, પણ કર્મની ગતિ કરવા આવ્યા હતા માટે એ પલ્લાંઓને સ્થિર કરવા માટે વનવાસ જવાનું હતું.

આજે રામનવમી. રામનો જન્મદિવસ. ને તેમના સમગ્ર જીવન પરથી રામાયણના ગ્રંથનું આયોજન. ટૂંકમાં રામાયણનું વર્ણન કરવાનું હોય તો એકાદ પાનામાં રામાયણનું વર્ણન થઈ શકે કે રામ જન્મ્યા, મોટા થયા, રાજ્યાભિષેક કરવાનો હતો ને કૈકેયીના શબ્દોથી વનમાં જવાનું આવ્યું. ત્યાં ગયા ને સીતાને રાવણ લઈ ગયો. સીતાને જીતીને રામ પાછા અયોધ્યામાં બેસી ગયા. આટલા શબ્દોમાં વર્ણન પૂરું થઈ જાય. પરંતુ જો તેમાં રહેલાં મુખ્ય પાત્રોને જ ઉપસાવવામાં આવે તો રામાયણના ગ્રંથનાં જે પાનાં છે તેનાથી અધિક પાનાં થાય.

**રામાયણ ગ્રંથ એટલે શું છે ?**

(૧) આદર્શ રાજનીતિ, (૨) આદર્શ ગૃહસ્થાશ્રમ, (૩) આદર્શ ભ્રાતૃપ્રેમ, (૪) આદર્શ માનવીની માનવી પ્રત્યેની આત્મીયતા, (૫) આદર્શ સેવાવૃત્તિ, (૬) આદર્શ સમર્પણની ભાવના, (૭) આદર્શ સંઘ-ભાવનાનો, (૮) આદર્શ વચન નિભાવવાનો, (૯) રામાયણ એટલે કર્મની ગતિના સિદ્ધાંતોને સહજ રીતે સમજાવતો મહાન ગ્રંથ. આ બધું જે ભંડોળ થયું તેમાંથી એક મહાન ગ્રંથ ઉત્પન્ન થયો.

શું રામને ખબર નહોતી કે, રાજ્યાભિષેકને બદલે વનવાસ જવું પડશે ? શું રામને ખબર નહોતી કે સુવર્ણમૃગ ન હોઈ શકે ? રામને આ બધી જ ખબર હતી, પરંતુ તેમણે પૃથ્વી પર જનમ ધારણ કરેલ અને કર્મની ગતિ પ્રમાણે ફરવું જ પડે, જેથી તેઓ સામાન્ય માનવી પ્રમાણેનું કાર્ય કરતા હતા. તેમને જાણ હતી જ, પણ એક માનવી તરીકે આ કાર્ય કરવાનું હતું તેથી તેઓ આ બધી ગતિવિધિમાં ફરતા હતા.



Scanned by CamScanner

તેમણે ધાર્યું હોત તો તેમની શક્તિથી જ મંથરાનું કે કૈકેયીનું મન ફેરવી દીધું હોત. તેમણે ધાર્યું હોત તો સુવર્ણ મૃગને ત્યાં ઊભાં ઊભાં જ લાવી શક્યા હોત. તેમણે ધાર્યું હોત તો સીતા માતાને તેઓ એકલા જ જઈને લાવી શક્યા હોત. પણ ના, વિધિની મર્યાદાને ન ઓળંગાય. કર્મના ચક્રમાં ફરવું પડે. બીજાને મહત્તા આપી કામ કરાવવું પડે તે એક દૈવી ગુણ.

એક સામાન્ય બાબત લઈએ. ગંગા નદીને પાર કરવાની. તેમણે ધાર્યું હોત તો પાણીમાં પગ મૂક્તાંની સાથે રામને એકલાને નહિ, પણ સીતા માતા અને લક્ષ્મણને પણ પાણીએ માર્ગ આપી દીધો હોત. પણ ના, શ્રી રામે તેમ કરીને પોતાની મહત્તા ન બતાવી. પોતાની શક્તિનું પ્રદર્શન ન કર્યું ને કેવટને મહત્તા બક્ષી. શ્રી રામને નદી પાર ઊતાર્યા તે બનાવે કેવટને મહાન બનાવી દીધો. બીજાને મહાન બનાવવા, બીજાને મહત્તા આપવી એ પણ દૈવી ગુણોને આભારી છે.

રામનો અર્થ મારી દૃષ્ટિએ, મારા શબ્દકોશ મુજબ.

ર–રસ્તો–કાનો એટલે સીધી લીટી. મ–મનુષ્ય.

જગતના મનુષ્યોને સીધો, સરળ રસ્તો બતાવે તે રામ. તેમના આખા જીવનના પ્રસંગોનું અવલોકન કરો ને જુઓ તો તમને પણ જિંદગીમાં સીધા ને સરળ રસ્તા પ્રાપ્ત થશે.

રામ – એટલે જિંદગીના સરળ, સીધા રસ્તાનું માર્ગદર્શન આપનાર.

સીતા – એટલે પત્નીના સંપૂર્ણ સમર્પણની ભાવનાને જિંદગીમાં ઉતારીને આચરણ કરનાર.

લક્ષ્મણ – એટલે ભ્રાતપ્રેમની પરાકાષ્ઠાનું પ્રતિબિંબ.

ઊર્મિલા – એટલે પડદા પાછળ સ્નેહનું સમર્પણ.

હનુમાન – એટલે સ્વાર્થરહિત સેવાવૃત્તિનું આચરણ.

રાવણ – એટલે અહમ્‌નો જ્વાળામુખી.

શ્રી રામજીએ કેટકેટલા ઝંઝાવાતોનો સામનો કર્યો હતો. તેમ જ જીવનમાં તેમણે શું સુખ, શાંતિનો અનુભવ કર્યો ? સદાય સંઘર્ષ ને આ બધાનો સામનો તેમણે શાંત ચિત્તે સ્વસ્થ રહી હિંમતથી કર્યો હતો. આજ વર્ષો બાદ પ્રેરણામૂર્તિ તરીકે તેમણે હજારો માનવીઓના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી લીધેલ છે. આમ શ્રી રામ મનુષ્ય યોનિમાં શ્રેષ્ઠ મનુષ્ય કહી શકાય.

## મનુષ્યમાં શ્રેષ્ઠ મનુષ્ય કોણ?

(૧) જ્ઞાનવાન, (૨) ઈશ્વરપરાયણ, (૩) ઉપાસનાશીલ, (૪) સત્યવાદી, (૫) સત્કર્મશીલ, (ષડ્‌રિપુનું નિયંત્રણ અને મન, વચન, કર્મની પવિત્રતા) (૬) ઉત્સાહી, (૭) ધીરવીર, (૮) ક્ષમાવાન, (૯) પુરુષાર્થી, (૧૦) નિરભિમાની, (૧૧) પ્રિયભાષી, (૧૨) સર્વજીવહિતૈષી, (૧૩) સંયમી.

આ શ્રેષ્ઠ મનુષ્યના ગુણો છે. આ ગુણો ધારણ કરે તેને શ્રેષ્ઠ મનુષ્ય કહી શકાય. દરેક મનુષ્ય રામાયણમાંથી જેટલા બને તેટલા આદર્શો જીવનમાં ઊતારશો તો જીવન ધન્ય બની જશે. મનુષ્ય જ મનુષ્યજાતિનું સર્વોત્તમ ભૂષણ છે.

દરેક મનુષ્ય રામાયણમાંથી સમજીને વિચારીને પોતાના જીવનમાં જેટલા બની શકે તેટલા આદર્શો ઊતારશો તો જીવન ધન્ય બની જશે.



Scanned by CamScanner

**દશરથ** : હતો રાજા પરાક્રમી, નારી પાસ વામણો,
દિવસને રાત્રીમાં પલટયો માનીતીએ,
માનીતી બની યમરાજ, દશરથ કાજ.

માનીતીએ જે વચન માગ્યું એ વચન કાજ તેણે પ્રાણત્યાગ કરવા પડ્યા.

**કૈકેયી** : માનીતી રાણી દશરથ તણી
મંથરા તણી બુદ્ધિએ અર્ધ બેભાન કીધી

એણે જે માંગ્યું તે અર્ધ બેભાન અવસ્થામાં માંગ્યું. સભાન અવસ્થામાં હોત તો ન માગી શકત. મંથરાની બુદ્ધિએ અર્ધ બેભાન કરી દીધી.

પુત્ર તણા પ્રેમને આગળ કીધો, વચન કાજ સ્વીકાર્યો અંધકાર.

**શ્રીરામ** : વિધિની લિપિની જાણ શ્રીરામને
અણસાર ન આપ્યો અન્યને
ચઢાવ્યો આદેશ સંસાર તણો શિર પરે
શૂરવીર સંજોગે સ્થિતપ્રજ્ઞ.

શૂરવીર હતા. પણ સ્થિતપ્રજ્ઞ હતા. પોતે કશું કરી શકે તેમ ન હતા. પિતાનું વચન હતું ને જવાનું હતું.

**સીતા** : રચાયા'તા આશા તણા મિનારા,
મિનારાને જમીનદોસ્ત દીઠા.
આ રાહ દુનિયાદારીનો અંધકાર અર્પે અન્યને.

સીતાને તો ગાદી પર બેસવાનું હતું. રાજરાણી થવાનું હતું. એટલે કેટલા મિનારા રચ્યા હશે! આ દુનિયાદારીની રીત છે કે બીજાને કેમ હેરાન કરવા? બીજાને કેમ તકલીફ આપવી? આ દુનિયાદારીનો રાહ છે. બીજાનું સુખ કોઈ જોઈ શકતું નથી. બીજો કેમ દુઃખી થાય એ જ જોઈ શકે છે.

**લક્ષ્મણ** : હતો ક્ષત્રિય શૂરો, સેનાપતિ પદ રાહ જોતું
હવા પલટાઈ ઓચિંતી, સેવાપદ ધારણ કીધું.

એ શૂરો હતો. ને રામ ગાદી પર બેસત તો રામ સેનાપતિપદ આપી દેત. સેનાપતિમાંથી સેવાપદ આવી ગયું!

**ઊર્મિલા** : નવોઢા કોડ ભરી ખૂબસૂરત યુવતી,
મદમસ્ત યૌવન ડોકાતું દેહ પરે
ઓચિંતો વજ્રઘાત સુગંધિત પુષ્પોના છોડ પરે
યુવાનીમાં પાનખર.



Scanned by CamScanner

લક્ષ્મણ જવાનો હતો એટલે ૧૪ વર્ષનો વનવાસ જ હતો. એટલે યુવાનીમાં પાનખર આવી હતી. એની પાનખર જેવી પરિસ્થિતિ હતી.

**હનુમાન :** અસલી હીરો સેવા તણો, રામ તણો પડછાયો હનુમાન
રામ તણાં કુટુંબીજનો અદેખાઈ કરે હનુમાન તણી
અડીખમ યોદ્ધો ડગ પાછું નવ ભરે.

**મંથરા :** દાસીત્વ ધારણ કરેલ મંથરાએ, ષડ્રિપુઓથી ખદબદતી મંથરા
પવન બિન ચિનગારીની કરામત મંથરા
ચાંપી ચિનગારી રાજમહેલમાં મંથરાએ
એ ચિનગારીની આગ, ચૌદ વરસ જલતી રહી.

પવન ન હોય તો પણ ચિનગારી કેમ પ્રગટાવવી એ આવડત એની પાસે હતી. જે ચિનગારી ચાંપી એ આગ જિંદગી આખી બધા જ તડપતા રહ્યા. એ ચિનગારી ચૌદ વરસ રહી. એટલે આજે કેટલાયના જીવનમાં ચિનગારી ચંપાય છે ને જિંદગી સુધી જલતી રહે છે. ઘણાના જીવનમાં ચંપાતી હશે ને ચંપાય છે. માણસ જ ચાંપે છે ને જિંદગી સુધી જલ્યા જ કરે છે, જલ્યા જ કરે છે.

**રાવણ :** ભક્ત શંકર તણો, બુદ્ધિ તણો ખજાનો.
અહમના કેફમાં કેદ થાયો સ્વીકાર્યું ખુદના પતનને.

**શબરી :** વૃદ્ધાવસ્થાએ આવી ઊભી શબરી, સમજણથી આજપર્યંત આશા,
રામ તણા દર્શનની શબરીને, જન્મારો વીતી ગયો.
એક વખત ઝાંખી શ્રી રામની
પ્રેમ થકી આરોગાવ્યાં એઠાં બોર શ્રી રામને
શબરી તણી શરણાગતિને, ચાર ચાંદ લાગી ગયા.

**ભરત :** રાજ્ય સિંહાસન અયોધ્યાનું, રાહમાં ભરતની,
સ્ફટિક સમા ભરતે, વનવાસ દીધો સિંહાસનને.
ભરત રાજ્યની સેવા કરે,
ભ્રાતૃ તણી પાદુકા રાજ્ય કરે.

**કેવટ :** અભણ છતાં બુદ્ધિશાળી કેવટ, નાવિક કેવટ બંને કિનારાને સ્પર્શતો
ચરણ ધોયાં, સંસાર પાર કીધો ઈકોતેર પેઢી તારી દીધી
યુગો યુગો ચિરંજીવ બની ગયો
રામ સાથે એ ય ચિરંજીવ બની ગયો યુગો યુગો સુધી.

**ધોબી :** ગૃહસ્થાશ્રમ તણો વિવાદ, જ્ઞાતિ ધોબી તણી
આકસ્મિક બોલાઈ ગયું, સંભળાઈ ગયું
રાજ દરબારે પહોંચી ગયું



Scanned by CamScanner

નિર્ણય થયો, પસ્તાવો થયો
ગર્ભિણી સીતાને પુનઃ વનવાસ
ધોબી શેષ જિંદગી, પસ્તાવામાં જીવી રહ્યો.

**લવકુશ :** સૂર્યવંશી તણા બાળ સિંહ સમા
ગર્જનાઓ કીધી, અશ્વને બાંધી દીધો
સેનાને, સેનાપતિને પરાસ્ત કીધા
સામને આવ્યા સર્વને પરાજીત કીધા,
ભાળ મળી વંશની બાળને, સમર્પણ બાળનું તાતને ચરણે.

**વાલ્મિકી :** આલેખન રામાયણ તણું વાલ્મિકી થકી
ગર્ભિણી સીતા તણી દેખભાળ આવી પડી
પુત્રોને પ્રેમ થકી સંસ્કારનું શિક્ષણ દીધું,
બાહુબળથી બન્યા બળિયા લવકુશ.
આપી ઓળખ પુત્રો તણી ભર સભામાં વાલ્મિકીએ
અપમાન તણો ઘૂંટડો સીતા પી ન શકી,
સીતા માતા સમાયાં ધરતી માંહીં
આખી સભા ચૂપચાપ જોતી રહી
રામાયણ સાથ વાલ્મિકી અમર બની ગયા.

આજ રોજ (રવિવાર તા. ૯–૪–'૯૫) હું બે માસ માટે વિદેશના પ્રવાસે જઈ રહ્યો છું. ઇંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડા ત્રણે દેશોમાં સેવાયજ્ઞ છે ને નિર્ધારિત સમયે સેવાયજ્ઞ પૂરો થયે પરત આવી જઈશ.

રાજયોગી ચાલ્યા વિદેશ તણા પ્રવાસે,
છોડી સગાં, સ્નેહીઓ, ભક્તજનોને માતૃભૂમિને,
માત તણા આદેશે સેવા કાજ,
નિશ્ચિત કાળે સેવા પૂર્ણ થાતાં,
રાજયોગી પરત 'શ્રદ્ધા' માંહીં.

મારી ગેરહાજરી દરમ્યાન તમને બધાંને મારો વિયોગ સાલશે હૃદયમાં વેદના થશે. તમારી વેદનાને હું પિછાણી શકું છું, કારણ કે માતાજીના વિયોગની વેદનાનો હું અનુભવ કરું છું ને કરી રહ્યો છું. હવે માતાજીની વેદનાનો કેવો અનુભવ થાય છે તે કહું:

ધરતી તપતી વૈશાખ કેરા
ધોમધખતા તાપમાં
મિલનનો શ્રાવણ ધરતીને ભીંજવતો.

ધરતી એટલે હું (રાજયોગી). વૈશાખનો તાપ તપતો હોય તેમ તેમના વિરહમાં હું તપી રહ્યો છું. ને શ્રાવણ બાર મહિનામાં એક જ વખત આવે છે તેમ મારી પાસે ૩૬૫ દિવસમાં એક જ વખત આવે છે રૂબરૂ તો. મને એક જ વખત ભીંજવીને ચાલ્યા જાય છે. દૂર રહ્યે રહ્યે બધું કર્યા કરે, પણ પ્રત્યક્ષ તો એક જ વખત આવે છે એટલે પછી મારે માટે ધોમધખતો તાપ જ રહે છે.



Scanned by CamScanner

હસતો રહું છું, અશ્રુઓને પીઉં છું, પીધેલ અશ્રુઓ થકી હૃદય ટપકતું,
જેમ મીણ ટપકે, ટપકેલ મીણ માંહી પ્રતિબિંબ માતનું

હું તમને બધાને હસતો દેખાઉં છું, પણ અંદર કાયમ માતનો વિયોગ મારી પાસે હોય છે, એટલે અશ્રુઓને હું પીધા જ કરું છું ને એ પીધેલા અશ્રુઓમાં જેમ મીણ ટપકે એમ ટપક ટપક ટપક થયા કરે એમાં પ્રતિબિંબ માતનું જ દેખાય, બીજું કાંઈ ન દેખાય. મારી આ પરિસ્થિતિ છે.

માતાજીના વિયોગ માટે હવે બીજું કહું :

**નદી વહે, મિલન સરે, સ્મૃતિમાં ઠંડી આગ ઊઠે,**
**સૂર્ય તપે વિયોગ તપે, સ્મૃતિમાં જ્વાળામુખી ભભૂકે.**

એટલે માતાજી એક જ વખત આવીને ચાલ્યા જાય છે. નદી વહેતી રહે છે. એ તો કોઈના મિલન માટે રોકાતી જ નથી. વહેતી વહેતી જ જાય છે. મિલનનું તો એવું છે કે એ પાંચ વરસનું હોય, દસ વરસનું હોય તો ય તમને તો એમ જ લાગે કે હમણાં જ જતું રહ્યું, ક્યાં જતું રહ્યું ? નદી જેમ વહે છે તેમ મિલન તમારું સરી જ જાય છે. દસ-પંદર વરસ જાય તો તમને એમ થાય કે ક્યાં ગયા મિલનનાં દસ-પંદર વરસ ! હું તો હજી કોરો ને કોરો જ છું ! એવું લાગે. મિલન થઈ ગયું હોય તેનો સ્વાદ કરતા હો તો ઠંડક આપે. એવા વિચાર કરો એટલે એ ઠંડું લાગે પરંતુ હૃદયમાં આગ ઊઠે, કે વિયોગ છે અત્યારે ! જેમ સૂર્ય તપે તેમ તમારો વિયોગ પણ તપતો રહે. વિયોગ તપતો હોય ને સ્મૃતિ આવે એટલે જ્વાળામુખી ભભૂકતો હોય એવું લાગે.

મારી પરિસ્થિતિ આવી છે.

હવે મારા વિયોગમાં તમારા હૃદયની શું મનોદશા હશે તેને વાચા આપું :

**તીર તણા ઘા રૂઝાઈ જાશે, વિયોગની વેદના તણા ઘા સંયોગે રૂઝાશે.**
**વીંછીના ડંખ સમી, હૃદયના ડંખની વેદનાની દવા મિલનના સાગર તણી.**

[ વીંછીનો ડંખ વાગ્યો હોય એવી હૃદયની વેદના ]

હવે પરમ તત્ત્વ માટે કહું છું. જો કે તમારા માટે જ છે :

**ન વહાવો બિન્દુઓ અશ્રુ તણા**
**વહાવો મંત્ર તણા અશ્રુઓ**
**અંધકાર ભાગશે, ઠંડક અર્પશે સૂર્ય.**

તમે કોઈ પણ આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડાતા હો તો તમારા અશ્રુઓ ગમે ત્યાં ગમે તે જગાએ વહાવો નહિ. જરૂર નથી. ફક્ત તમે મંત્ર તણા અશ્રુઓ વહાવો. મંત્રમાં લીન થઈ જાવ. માતાજી પાસે બેસી જાવ. ત્યાં તમારા અશ્રુઓ વહાવી દો. કારણ કે તમે પ્રેમથી માતાજી આગળ મંત્ર કરતા હો, બેસો, લીન થઈ જાવ તો તમારી કોઈ પણ ઉપાધિ હશે તો માતાજી જોશે જ, પરમ તત્ત્વ જોશે જ, કે આ મારો ભક્ત બેસી રહ્યો છે. કશું બોલતો નથી. માટે એની પર અમીનજર રાખો. ને એની અમીનજર આવે તો તમારી જિંદગીમાં અંધકાર હોય તે જતો રહે. ને સૂર્ય હોય તો તે પણ ઠંડક આપતો થઈ જાય. તપતો સૂર્ય એટલે તમારી કોઈ પણ તકલીફ હોય તે.

આવી પરિસ્થિતિ તમારી હશે, પરંતુ ફિકર ન કરશો. હું વિદેશમાં હોઈશ, છતાં પણ તમારા બધા પર દેખરેખ રાખતો રહીશ.

**ફરે અગોચર નજર, હાજર દીસતા રાજયોગી.**



Scanned by CamScanner

તમે નજર ફેરવજો, મને યાદ કરજો, તમારી સમક્ષ હાજર થઈ જઈશ. તમે રાજયોગીને હાજર જોશો.

મારી ગેરહાજરી દરમ્યાન તમારો ખ્યાલ કેવી રીતે રાખીશ તે જાણવું :

**જ્યાં જ્યાં સુગંધ ત્યાં ત્યાં મહેકતી હવા.**
**જ્યાં જ્યાં પુકાર હૃદય તણો, ત્યાં ત્યાં હાજર સુગંધ.**
**સુગંધ ને હૃદયનો સંગમ થાતો, મહેંકતી હવા સ્મિત કરતી,**
**વ્યાધિને રહેવા સ્થાન નવ મળે, હૃદય આનંદથી ધબકી ઊઠે.**
**જીવનમાં નવું જોબનિયું પ્રગટે.**

[ **નોંધ:** સુગંધ – રાજયોગી, મહેકતી હવા – માતાજી, હૃદય – ભક્તજનો. ]

બધા જ ભક્તજનો મારા હૃદયમાં બિરાજે છે. જ્યાં જ્યાં રાજયોગી હોય ત્યાં ત્યાં માતાજી ફરતા જ હોય. તમે હૃદયથી પુકાર કરો એટલે રાજયોગી હાજર થઈ જાય. રાજયોગી ને ભક્તજનના હૃદયનો સંગમ થશે તો માતાજી ઊભાં ઊભાં મરકતાં હશે કે રાજયોગી ભક્તજનો સાથે મજા કરે છે. માતાજી ઊભાં હોય, હું ઊભો હોઉં, પછી તમારી ઉપાધિ ઊભી જ ન રહે. બધી ઉપાધિ જતી રહે. ઊભી જ ન રહે. ભક્તના હૃદયને આનંદ આનંદ થઈ જાય. જીવનમાં નવું જોમ આવે. બળ આવે. યૌવન આવી જાય. ઉંમરે પહોંચેલા હોય તેને યૌવન આવી જાય. યૌવન હોય તેને વધારે બળ પ્રગટે. જીવવા માટે જોમ આવે! 'જોબનિયું' બધા માટે છે.

તમે બધા ઘેર જઈને શું કરશો ?

**હું વિદેશે જાઉં, તમો ઘેર જાશો**
**વાગોળશો આજની કંઈક વાતો**
**અંતરમાં બ્રહ્માનંદ રસ ટપકશે.**

તમે વાતો વહેવારિક નહિ કરશો. રામાયણની રામ–સીતાની કરશો. મારી કરશો. માતાજીની કરશો.

**ટપકતા એ રસનું પાન કરશો**
**આધ્યાત્મિક ક્ષેત્રે ડગ મંડાશે**
**આંગળી પકડશે તમારી રાજયોગી.**

છોકરું ચાલતું થાય એટલે મા પકડીને ડગ મંડાવે છે. એ એકલો છોડી નથી દેતી. એવા રીતે આધ્યાત્મિક ક્ષેત્રે ડગ માંડશો તો આંગળી પકડવા તો કોઈ જોઈશે ને? તો 'આંગળી પકડશે તમારી રાજયોગી.' મારી ગેરહાજરીમાં તમે બધા આનંદમાં રહો તેવા મારા આશીર્વાદ છે.

**છે અણમોલ રતન રાજયોગી માત તણું, છે માત, રાજયોગી તણાં નયનોનું તેજ**
**પામવા એ તેજને પારસ બનવું પડે.**
**મુજ પાસ અર્પવા સેવા, તન–મન તણી દોલત સેવા,**
**મુજ સર્વસ્વ જીવન એ જ સેવા, કૃતાર્થ થાઉં કરી માનવ સેવા.**

* * *

[ ઈ.સ. ૧૯૯૫ના એપ્રિલની નવમી તારીખે રામનવમીના પર્વે 'શ્રદ્ધા' કુટિરમાં રજૂ કરેલ વક્તવ્ય અત્રે પ્રસ્તુત છે. તે જ દિવસે પૂ. શ્રીએ સેવાકાર્ય માટે અમેરિકા પ્રસ્થાન કર્યું હતું. ]

☐



Scanned by CamScanner

# સમાચાર

* તા. ૨૫-૧૦-૯૫ બુધવારે નૂતન વર્ષ છે. પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજીના દર્શનનો લાભ શ્રદ્ધા કુટિરમાં મળી શકશે.

  સમય : સવારે ૯ થી ૧૨ સાંજે : ૬ થી ૮

* તા. ૨૮-૧૦-૯૫ થી તા. ૨૯-૧૦-૯૫ : શનિ-રવિવાર : **સુરતનો કાર્યયજ્ઞ**

  સમય : બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી

  સ્થળ : વિજયનગર કો. ઓ. હાઉસિંગ સોસાયટી, બંગલા નં. ૨૪, દયાળજી આશ્રમ પાસે, મજૂરા ગેટ, સુરત.

* તા ૩-૧૧-૯૫ થી તા. ૫-૧૧-૯૫ શુક્ર-શનિ-રવિવાર : **મુંબઈનો કાર્યયજ્ઞ**

  તા. ૩-૧૧-૯૫ શુક્રવારે બોરીવલી

  સમય : બપોરે ૧૨ થી ૪

  સ્થળ : હનુમાન મંદિર હૉલ, બા બાઈ નાકા, બોરીવલી (પશ્ચિમ)

* તા. ૪-૧૧-૯૫ થી તા. ૫-૧૧-૯૫ : શનિ-રવિવાર : **મુંબઈ**

  સમય : બપોરે ૧૨ થી ૪

  સ્થળ : જોષી નારણદાસ લક્ષ્મીદાસની વાડી, ૭૯-૮૧ બોરા બજાર શેરી, ફોર્ટ, મુંબઈ

* તા. ૨૩-૧૦-૯૫ સોમવારથી તા. ૮-૧૧-૯૫ બુધવાર સુધી 'નિલોપા' પર પૂજ્યશ્રીની મુલાકાત બંધ રહેશે.

* તા. ૯-૧૧-૯૫ ગુરુવારથી પૂજ્યશ્રીની 'નિલોપા' પર રાબેતા મુજબ મુલાકાત ચાલુ થશે.

* તા. ૯-૧૨-૯૫ શનિવારે પરમ શક્તિ મા ભગવતીનો પાટોત્સવ છે. પૂજ્યશ્રીના દર્શન અને સત્સંગનો લાભ 'શ્રદ્ધા' કુટિરમાં સાંજે : ૬ થી ૮ વાગ્યા સુધી રહેશે.

* તા. ૧૪-૧૨-૯૫ થી તા. ૨૮-૧-૯૬ સુધી પૂજ્યશ્રીનો વિદેશનો કાર્યક્રમ છે જેથી 'નિલોપા' બંધ રહેશે.

* તા. ૨૯-૧-૯૬ સોમવારથી 'નિલોપા' પર પૂજ્યશ્રીની મુલાકાત રાબેતા મુજબ ચાલુ થશે.

Scanned by CamScanner

## * મારા જીવનનાં નવ સૂત્રો *

(૧) ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી. (૨) નિઃસહાયને સહાય કરવી. (૩) દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં. (૪) કોઈની ઇર્ષ્યા કરવી નહિ. (૫) કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ. (૬) પરનિન્દાથી દૂર રહેવું. (૭) પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું. (૮) નિઃસ્વાર્થ સેવા કરવી. (૯) અહમનો ત્યાગ કરવો.

— રાજયોગી નરેન્દ્રજી

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે, અંજલિ સિનેમા પાછળ,
વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : **'નીલોષા' બંગલો**, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૧૫.

સમય : **બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦** (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ–રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.
* શારીરિક–માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.

Scanned by CamScanner